નવા વિચારોનું નવુ માધ્યમ... SOHAM 24

# સોહમ્ ૨૪

સત્યમેવ જયતે
Soham24

સુરેન્દ્રનગરનું લોકલ અખબાર

સાપ્તાહિક

વર્ષ : ૯ અંક : ૪૨ તા.૨૮-૧૧-૨૦૨૪ ( પાના : ૧૨) ગુરૂવાર છૂટક કિંમત રૂ.૫ | તંત્રી : રોહિતભાઈ જી.પરમાર, સહ તંત્રી : અવધેશભાઈ ત્રિવેદી

કોન્ટેક નંબર . ૯૦૩૩૩૦૦૩૪૫ / ૯૮૨૫૮૯૯૬૮૦ www.soham24.com - Email: soham24info@gmail.com

## નમસ્તે સુરેન્દ્રનગર

## સરકારે નુકશાની માટે સર્વે કર્યો પણ સહાયનું ફદીયુ ન ચુકવાયું !



સુરેન્દ્રનગર :

જિલ્લામાં શિયાળુ પાકમાં જીરૂનું સવિશેષ વાવેતર કરવામાં આવે છે. પરંતુ છેલ્લા પાંચ વર્ષની સરખામણીમાં જિલ્લામાં જીરૂના વાવેતરમાં ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં રવિ પાક ૫૩,૯૦૩ ની સરખામણીએ જોઈએ તો ૨૯,૬૩૫ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યુ છે. જેમાં ખાસ તો જીરૂ,ચણા, ઘઉં, વરીયાળી સહિતના પાકોનો સમાવેશ થાય છે. ખેડૂતોને ગત ચોમાસાની સિઝનમાં કમોસમી વરસાદના કારણે નુકશાન સહન કરવુ પડયુ છે. ત્યારે સરકાર તરફથી ધરતી પુત્રોને નુકશાન સહાયની રકમ ન ચકવાતા ખેડૂતોએ ઓછુ વાવેતર કર્યાનો ગણગણાટ સાંભળવા મળ્યો છે.

જિલ્લામાં મુખ્યત્વે કપાસ, મગફળી બાદ શિયાળુ પાક એટલે કે રવિ પાકનું વિશેષ વાવેતર કરવામાં આવે છે. સામાન્ય રીતે નવેમ્બર માસની શરૂઆતથી વાવેતર શરૂ થાય છે. જે ડિસે.ના અંત સુધી ચાલતુ હોય છે.

જિલ્લામાં હાલ ચણા-૮૪૩૧, ઘઉં-૩૩૬૭, જીરૂ-૯૦૨૧, રાઈ-૬૨૯, ધાણા-૧૯૪૧, વરીયાળી-૨૩૫૨, ઈસબુલ-૧૦૩૪, શાકભાજી-૬૬૫, લસણ-૨૦, ધાસચારો-૧૦૩૪ હેકટરમાં વાવેતર થયુ છે.

આમ, માવઠા પછી ખેડૂતોને થયેલા નુકશાની રકમ ન મળવાના કારણે ખેડૂતો વધુ વાવેતર ન કરી શકયાની ફરિયાદો પણ સાંભળવા મળી છે. ખેડૂતોને ચોમાસુ પાકમાં સારી આવકની આશા હતી. પરંતુ ગત ચોમાસુ સિઝનના કમોસમી વરસાદે ખેડૂતોની આશા ઉપર પાણી ફેરવી દીધુ છે. તેમજ સરકારે પાક નુકશાની વળતર માટે સર્વે હાથ ધરી જિલ્લાના પાક નુકશાની વળતરમાં સમાવેશ કર્યો પરંતુ હજુ સુધી વળતરના પૈસા ખેડૂતોને ન મળતા જગતાત શિયાળુ પાકનું વાવેતર ન કરી શકયો હોવાનો પણ ગણગણાટ સાંભળવા મળ્યો છે.

## શહેરના વોર્ડ વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા બાબતે રમાતુ રાજકાણ !



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર શહેરમાં ૧૩ વોર્ડમાં સાફ સફાઈનો અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે લોકોએ વોર્ડ સદસ્યોને ચૂંટીને લાવ્યા બાદ તેઓના વોર્ડ વિસ્તારમાં ગંદકી દૂર ન થતાં આ બાબતે રાજકારણ રમાતુ હોવાની ચર્ચાઓએ જોર પકડયું છે. હાલ જયારે શિયાળાની ઋતુએ દસ્તક દઈ દીધી છે. ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં નિયમીત સાફ સફાઈ ન થતી હોવાનું ધ્યાને આવ્યુ છે.

શહેરના દરેક વોર્ડની સાફ સફાઈની જવાબદારી પાલિકા તંત્ર કેમ ફીકસ કરીને અસરકાર કહી શકાય તેવુ પરિણામ લાવવામાં નિષ્ફળ જઈ રહી છે. તેવા સવાલો થવા વ્યાજબી છે. શહેરીજનોના જન આરોગ્ય સાથે પણ રાજકારણની રમત રમાતી હોય તેવુ શહેરની પરિસ્થિતિ ઉપરથી લાગી રહ્યુ છે.

શહેરના અનેક વોર્ડ વિસ્તારની ગલીઓ હોય કે મુખ્ય રોડ રસ્તાઓ હોય ત્યાં ગંદકીનું પ્રમાણ દિવસે ને દિવસે વધતુ જોવા મળી રહ્યાની ફરિયાદો ઉઠી છે. તેમ છતાં પાલિકાની આંખ આડે કાન હોય તેવી સ્થિતી શહેરમાં શા માટે ? કેમ શહેરમાં સાફ સફાઈ ઉપર પુરતુ ધ્યાન નથી આપવામાં આવતું આ બાબતે કેમ સૌ કોઈ ચુપ છે તેવા સવાલો પણ ચર્ચાનો વિષય બની ગયા છે. રાજકીય નેતાઓ સભાઓમાં સ્વચ્છતાની ગુલબાંગો ફુંકે છે. જયારે વાસ્તવીકતા તો કંઈક અલગ કેમ છે ? ફકત સ્વચ્છતા કાગળ ઉપર દર્શાવવા માટે દેખાડવાની પરંપરા કયારે બંધ થશે તેવા સવાલો લોક મુખે સાંભળવા મળી રહ્યા છે.

## જિલ્લાની સૌથી મોટી મનતાની સરકારી હોસ્પિટલમાં ફુલટાઈમ તબીબોનો અભાવ

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લાની સરકારી સૌથી માટી હોસ્પિટલ મહાત્મા ગાંધી હોસ્પિટલ છે. આ હોસ્પિટલ સરકારી હોસ્પિટલ હોવાથી ખાસ કરીને અહી જે લોકો પૈસા ન ખર્ચી શકે તેવા શ્રમજીવી લોકો હોસ્પિટલમાં સારવાર માટે આવતા હોય છે. ત્યારે હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જન, ગાયનેક સહિતના ડોકટરોનો ફૂલ ટાઈમ અભાવ જોવા મળતા દર્દીઓ અને ખાસ કરીને સિનિયર સિટીઝન લોકોને હાલાકી પડી રહ્યાની ફરિયાદો સાંભળવા મળી છે.

જિલ્લાની સૌથી મોટી સરકારી ગાંધી હોસ્પિટલમાં સરકાર દ્વારા ૨૦ જેટલા વિવિધ રોગોના સર્જન સાથે ડોકટરોનું મહેકમ મંજુર કરવામાં આવ્યુ છે. તેમ છતાં સીડીએમઓ, ઓર્થોપેડીક સર્જન, ગાયનેક, કાન, નાક, ગળા તેમજ બાળરોગ નિષ્ણાંત જેવા મહત્વના ડોકટરોની ફુલ ટાઈમનું મહેકમ મંજૂર કરેલ હોવા છતાં જગ્યાઓ ખાલી રહેતા દર્દીઓને હાલાકી પડી રહ્યાની ફરિયાદો સાંભળવા મળી રહી છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક

કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 75750 20982
Email : soham24info@gmail.com




ટચુકડી જાહેરાત એક લાઈનના રૂ.૧૫/-
(ટચુકડી જાહેર ખબર સોમવાર સાંજ સુધી)

જાહેર ખબરના ભાવ

ફોર કલરના ભાવ
અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી.

બ્લેક એન્ડ વ્હાઈટ (અંદરના પાને)
અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.

# યુવા બેરોજગારી ક્યારે દૂર થશે...

જિલ્લામાં અનેક નવ યુવાનોને રોજગારીનો પ્રશ્ન ચિંતા ઉભી કરી રહ્યો છે. સુરેન્દ્રનગરમાં નવ યવુનોને નોકરીના કોઈ અણસાર ન રહેતા આખરે ગામ છોડવા માટે નવ યુવાનો મજબુર બની રહ્યાનો રોજગાર વાંચ્છુક યુવકોના વાલીઓ જણાવી રહ્યા છે. સરકાર દ્વારા યુવાનોને રોજગારી મળી રહે તેવી અનેક સરકારી યોજનાઓ અમલમાં મુકી છે. પરંતુ આ યોજનાઓ માત્ર કાગળ ઉપર જ હોય તેવુ જિલ્લાના નવ યુવાનો અહેસાસ કરી રહ્યા છે. બીજી બાજુ યુવાનોના વાલીઓને પોતાના સંતાનની રોજગારીનો પ્રશ્ન સતાવતો રહે છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં પણ અન્ય જિલ્લાઓની માફક જોબ વેકન્સી શરૂ કરવામાં આવે તો આ પ્રશ્ન મહદઅંશે હલ થઈ શકે છે. અને જિલ્લાના નવ યુવાઓને ઘર આંગણે રોજગાર પણ પ્રાપ્ત થઈ શકે છે. સરકારી અધિકારીઓ અને રાજકીય આગેવાનો આ બાબતે આગળ આવે તો શહેરમાં યુવા બેરોજગારીનો પ્રશ્ન સમાપ્ત થઈ શકે. સુરેન્દ્રનગર જિલ્લામાં યુવાઓને રોજગાર ન મળવાના કારણે ન છૂટકે પોતાના પરિવારનું ભરણપોષણ કરવા માટે આર્થીક ઉત્પાજર્ન માટે શહેરથી દૂર અન્ય શહેરમાં જવુ પડે છે. સુરેન્દ્રનગર જિલ્લો પછાત જિલ્લો માનવામાં આવે છે. પરંતુ હવે સમય બદલાયો છે. નવી પેઢી નવા આયામ સાથે આગળ આવવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારે આવા યુવાઓને ઘર આંગણે ટ્રેનીંગ મળી તો મળે છે. પરંતુ તેઓને જોબ પ્લેસમેન્ટના માધ્યમથી યોગ્ય જોબ મળે તેવી જો વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવામાં આવે તો સુરેન્દ્રનગર જિલ્લો પણ અન્ય જિલ્લાઓની માફક હરણફાળ ભરી આગળ કેમ ન આવી શકે ? જરૂર છે ફકત યોગ્ય દિશા તરફ યુવાઓને દોરી જવાની તેના માટે સરકારી અધિકારીઓ અને આગેવાનો આગળ આવે તો યુવાઓનું સ્વપ્ન સાકાર થઈ શકે.

**સોહમ્ ૨૪ સાપ્તાહિક**

**અખબાર મેળવવાનું સ્થળ :**

રાજનાથ મહાદેવ મંદિર પાસે,
કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર,
શોપ નંબર - ૨, પહેલા માળે,
સુરેન્દ્રનગર. Mo. 90333 00345

------------

અન્ય આ સ્થળેથી પણ અંક મળશે....

પતરાવાળી ચોક, વડવાળા કોમ્પ્લેક્સ, ટાંકીચોક, બસ સ્ટેન્ડ, જોરાવરનગર રતનપર ફાટક, વઢવાણ ધોળી પાસે




# સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસનું કોમ્બીંગ ગુનાહિત પ્રવૃતિ અંકુશમાં લેવા પ્રયાસ





સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થીતી જળવાઈ રહે તે હેતુથી સુરેન્દ્રનગર પોલીસ દ્વારા દિવસ દરમ્યાનની કોમ્બીંગ કરવામાં આવી રહ્યુ છે. જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થીતી સામાન્ય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ના પામે તે માટે સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો. ગીરીશ પંડ્યાએ કોમ્બીંગ કરવા સૂચના આપેલ છે. માટે સુરેન્દ્રનગર, લીંબડી, ધ્રાંગધ્રા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષકો તથા એલ.સી.બી., એસ.ઓ.જી. તથા પેરોલ ફર્લોના અધિકારીઓને એસપી દ્વારા જરૂરી સુચનાઓ કરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ કોમ્બીંગ દરમ્યાન તા.૨૩-૨૪ નવે.ના રોજ ડીવીઝન વાઈઝ એલ.સી.બી., એસ.ઓ.જી.. પેરોલ ફર્લો ના અધિકારી/કર્મચારીઓ તથા સુરેન્દ્રનગર, લીંબડી, ધ્રાંગધ્રા ડીવીઝનના અધિકારીઓ/કર્મચારીઓની અલગ-અલગ ટીમો બનાવી સઘન કોમ્બીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. પોલીસ કોમ્બીંગની કામગીરી દરમિયાન વાહન ચેકિંગ ને લગત કામગીરી તેમજ ફુટ પેટ્રોલીંગ તેમજ જી.પી.એક્ટ કલમ-૧૩૫ કેસ-૦૯, B.N.S. કલમ ૨૮૧ મુજબ-૧૬, B.N.S. કલમ ૨૮૫ મુજબ-૧૭, M.V.Act. ૨૦૭ મુજબ-૭૧, પ્રોહીબીશન કેસ-૦૪, નાસતા ફરતા આરોપી ચેક-૧૩, નાસતા ફરતા આરોપી પકડયા-૦૨, હિસ્ટ્રીશીટર ચેક- ૧૦, એમ.સી.આર. ચેક-૮૯, પ્રોહી.બુટલેગર ચેક-૬૪, જાણીતા જુગારીઓ ચેક-૧૧, મિલ્કત સબંધી આરોપી ચેક-૦૬, શરીર સબંધી આરોપી ચેક-૧૮, M.V.Act. NC-૨૦૨, કુલ સ્થળ દંડ-૮૭,૭૦૦/-મુજબની કામગીરી કરવામાં આવેલ છે.



સુરેન્દ્રનગર મલ્હાર ચોક પાસે ખોળ અને કપાસીયાનો વેપાર કરતા વેપારીને ફોન ઉપર રૂ.૧૦ લાખની માંગણી કરી ધમકી આપ્યાનો બનાવ બન્યો હતો. આથી નારાયણભાઈ રોચરાણીએ અજાણ્યા શખ્સ સામે એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ નોંધાતા જ એ ડીવીઝન પીઆઈ આર.એમ.સંગાડા માર્ગદર્શનથી મુકેશ ઉતેળીયા, અજયસિંહ બારડ સહિતની ટીમે આ કેસના આરોપી શહેરના મફતીયાપરામાં રહેતા ઈરફાન નગરખાન મલેક, દસાડા પીપળીના સમીરખાન ઉર્ફે ભુરો અશરફખાન મલેક અને શહેરના રામનગરમાં રહેતા આમીરખાન ઉર્ફે ભોલો અસલખાન પઠાણને ઝડપી લીધા હતા. બાદમાં પોલીસે ત્રણેય શખ્સોને પોલીસ જાપ્તામાં રિકન્સ્ટ્રકશન કરાવ્યુ હતુ.

# જિલ્લામાં ૨૧મી પશુધન વસ્તી ગણતરી શરૂ

સુરેન્દ્રનગર :

દેશમાં ૨૧ મી પશુ વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં પણ દેશ અને રાજ્યની સાથે સાથે પશુધન વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી છે. નવેમ્બર-૨૪ થી ફેબ્રુઆરી-૨૫ એમ ચાર માસ દરમિયાન સમગ્ર દેશમાં સરકાર દ્વારા પશુ વસ્તી ગણતરી હાથ ધરવામાં આવનાર છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ભારત સરકાર દ્વારા બનાવાયેલ મોબાઈલ એપ્લિકેશન દ્વારા પશુપાલકના દ્વારે જઈ પશુધન વસ્તી ગણતરીની કામગીરીની શરૂઆત કરવામાં આવી છે. જિલ્લાનાં તમામ ૧૦ તાલુકાના ગામો તથા નગરપાલિકાઓના વોર્ડ મળી ૬૨૩ ગામો-વોર્ડમાં ૧૦ સુપરવાઈઝરો અને ૯૭ ગણતરીદારો દ્વારા પશુ ગણતરી હાથ ધરવામાં આવી રહી છે. આ પશુધનની વસ્તી ગણતરીમાં ૧૬ જેટલી જાતના પશુઓની ગણતરી થશે. તેમજ ૨૧૯ પ્રજાતિઓની ગણતરી કરવામાં આવશે તેમ નાયબ પશુપાલન નિયામક ડો.બી.બી.પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ક્રાઈમ ન્યુઝ વિશેષ

# જૈનાબાદ પાસેથી બંદુક સાથે એકની ધરપકડ



સુરેન્દ્રનગર :

જૈનાબાદ-રસુલાબાદ રોડ ઉપરથી એક ઈસમને ગેરકાયદેસર દેશી હાથ બનાવટની મઝલલોડ બંદુક સાથે ગત તા.૧૯ નવે.ના રોજ સુરેન્દ્રનગર એસઓજી પોલીસે ઝડપી લીધો હતો.

પોલીસ ઈન્સ્પેક્ટર બી.એચ.શીંગરખીયા ના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી સ્ટાફ દ્વારા ઝીંઝુવાડા વિસ્તારમાં પેટ્રોલીંગ ગોઠવવામાં આવ્યુ હતુ. તે દરમ્યાન દસાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગની ફરજ દરમ્યાન જૈનાબાદ રસુલાબાદ ગામ વચ્ચે આવેલ સીંધોડના કાચા માર્ગે પહોચતા બાતમી આધારે એક ઈસમને ગેરકાયદેસર હથિયાર મજલલોડ બંદુક સાથે મળી આવ્યો હતો. પોલીસે શખ્સનું નામ પુછતા ઈસમનુ નામ મહંમદઆરીફ અલ્લારખાભાઈ કુરેશી (રહે.જૈનાબાદ,પુરાવાસ) હોવાનુ જણાવેલ તેમજ તેની અંગ- ઝડતીમાંથી લેતા તેની પાસેથી એક દેશી હાથ બનાવટની સીંગલ બેરલ મઝલલોડ બંદુક નંગ-૧ કિં.રૂ.૩ હજારની મળી આવતા પોલીસે શખ્સની ધરપકડ કરી દસાડા પોલીસ સ્ટેશનો આર્મ્સ એકટ હેઠળ ફરિયાદ થવા પામી છે.

# પરિવારથી વિખૂટા પડેલ બાળકોનું પોલીસે મિલન કરાવ્યું



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર એસઓજી તેમજ સાયલા અને લીંબડી પોલીસની સંયુકત ટીમે ગુમ થયેલા ત્રણ બાળકોને ગણતરીના કલાકોમાં ગત તા.૨૦ નવે. ના શોધી લીધા હતા.

છડીયાળી ગામેથી વાડી વિસ્તારમાં ખેતીમાં મજુરી કામ કરતા રમેશભાઈ લખમણભાઈ વાદી વાળાના બે ભાઈઓ જેમાં મિથુન ઉ.વ.૦૯ તથા જીગો ઉ.વ.૦૬ અને એક બહેન નામે રાધીકા ઉ.વ.૦૬ જેઓ બપોરના મજુરી કામ કરતા હોય તે વાડીએથી કોઈ ને જાણ કર્યા વગર ક્યાંક ચાલ્યા ગયાની સાયલા પોલીસ મથકે ફરિયાદ થવા પામી હતી. જે અન્વએ પોલીસની જુદી-જુદી ટીમ લીંબડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન તમામ બાળકો લીંબડીથી મળી આવ્યા હતા. આમ પોલીસે ગણતરીની કલાકોમા બાળકોને શોધી તેમના પરિવાર સાથે મિલન કરાવ્યુ હતુ.

# પાણશીણા હાઈવે પરથી કારમાં ચોર ખાનુ પોલીસે ઝડપ્યુ : ૩.૫૭ લાખનો દારૂ મળ્યો



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે ફોર વ્હીલ ગાડીની સીટ નીચે ચોરખાનું ઝડપી પાડયુ છે. જેમાં ગેર કાયદેસર ઈંગ્લીશ દારુ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિં.રૂ.૭ લાખ ૮૭ હજાર ૮૫૦ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી લીધો છે.

સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા અલગ અલગ હાઈવે રોડ પર પોલીસ દ્વારા ખાસ પેટ્રોલીંગ હાથ ધરી છે. ત્યારે અમુક વાહનોમાં ચોરખાનુ બનાવી વિદેશી દારૂનો જથ્થો ભરી વિદેશી દારૂની હેરા ફેરી કરતા હોવાની માહિતી મળી હતી.એલ.સી.બી. ટીમ દ્વારા પાણશીણા નેશનલ હાઈવે રોડ ઉપરથી શંકાસ્પદ કાર પસાર થતાં કારને રોકી તલાસી લીધી હતી. તપાસ દરમિયાન કારમાં ચોર ખાનામાંથી દારૂ વહન થતાં ઝડપાઈ ગયો હતો. પોલીસે આ બનાવમાં કુલ કી.રૂ.૩,૫૭,૮૫૦/-તથા અન્ય મુદામાલ મળી કુલ કી.રૂ. ૭,૮૭,૮૫૦/-ના મુદામાલ સાથે એક ઈસમને અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે કાધલી હોટલ પાસે રોડ પરથી પકડી પાડી તમામ મુદામાલ કબ્જે કરી લીધો છે. પોલીસે આ બનાવમાં ભૌતિક ગોપાલભાઈ ગેજેરા (રહે.ગામ પાળ શ્યામ ભુમી સોસાયટી શેરી નં.૦૧ બ્લોક નં.૦૬ તા.લોધીકા) ઝડપી લીધો છે. જ્યારે તપાસ દરમિયાન તનુસીંગ રહે-ઈંદોર) ઝડપી લેવા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પાણશીણા પાસે પેટ્રોલ-ડિઝલ ચોરીનું રેકેટ ઝડપાયું : ૬ શખ્સો ઝડપાયા








લીંબડી-ચોટીલા નેશનલ હાઈવે પરથી પેટ્રોલ-ડીઝલની ચોરી કરતા ૬ શખ્સોને સુરેન્દ્રનગર પોલીસે ઝડપી લઈ પર્દાફાશ કરી નાંખ્યો છે.પાણશીણા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં હાઈવે ઉપર ક્રિષ્ના કાઠીયાવાડી હોટલ ઉપરથી ગેરકાયદેસર પેટ્રોલ અને ડિઝલના જથ્થા સાથે ૬ શખ્સોને ઝડપી લીધા છે. એસઓજી પોલીસે બાતમીના આધારે ગત તા.૨૨ નવે.ના રોજ રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન હોટલના પાછળના ભાગે આવેલ કમ્પાઉન્ડમાંથી પેટ્રોલ-ડિઝલ ચોરીનું રેકેટ ઝડપી પાડયું હતુ.

પોલીસે આ બનાવમાં બે ટેંકર સાથે ભાર્ગવ ડાંગર, ઈન્દ્રજીત વીરડા, માવજી ડાંગર, અજયકુમાર અંદવ, અભિષેક યાદવ, રવિરાજ ચૌહાણ સહિત ૬ શખ્સોને ઝડપી લીધા છે. તેમજ પોલીસે ૪૯,૨૨૦ લીટર ડીઝલ અને ૨૮૦૦ લીટર પેટ્રોલ અને બે ટેંકર મળી કુલ મુદ્દામાલ રૂ.૮૭ લાખ ૫૪ હજાર ૬૪૯ નો ઝડપી લઈને પાણશીણા પોલીસ મથકે સોંપી ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લીલા ગાંજાની ખેતી ડ્રોનની મદદથી ઝડપાઈ



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર એસઓજી પોલીસે ડ્રોનની મદદથી ગત તા.૨૦ નવે.ના રોજ લીલા ગાંજાની ખેતી ઝડપી લઈને એક શખ્સની અટકાયત કરવા સાથે ધજાળા પોલીસ સ્ટેશને એનડીપીએસ હેઠળ ફરિયાદ નોંધાવી છે. આ બનાવમાં માલાભાઈ વજાભાઈ ડાભી રહે.નવાગામ (બાવળીયા) ની સીમમા પોતાના કબજા ભોગવટાના ખેતરમા બીટી કપાસ જેવા પાક ની આડમાં ગેરકાયદેસર ગાંજાનાં છોડનું વાવેતર પોલીસે ઝડપી લીધુ છે.

આ ગાંજાના છોડ ગેરકાયદેસર મળી આવતા પોલીસે કાર્યવાહી કરી છે. પોલીસે આ બનાવમાં લીલા ગાંજાના છોડ નંગ-૦૫ વજન ૧૧ કિલો ૦૮૦ ગ્રામ કિ.રૂ. ૧ લાખ ૧૦ હજાર ૮૦૦ નો મુદ્દામાલ ઝડપી લીધો છે.

# ઓળકમાં ૪ થી વધુ મકાનના તાળા તૂટયા : ૬૦ હજારથી વધુની ચોરી


તસવીર : હાર્દિકસિંહ ઝાલા

લખતર :

શિયાળાની ઠંડી ની શરૂઆત થતાં લખતર પંથકમાં તસ્કરોનો તરખાટ શરૂ થવા પામ્યો છે.લખતર તાલુકાના ઓળક ગામે ગત તા.૨૩-૧૧ ની રાત્રે અજાણ્યા તસ્કરો દ્વારા ૪ થી વધારે મકાનોના તાળા તોડયા છે. જેમાં એક મકાનમાં રોકડ રકમની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.જેમાં ચંચીબેન જીવણભાઈ માલકીયાના બંધ મકાનનુ તાળુ તોડી ઘરમાં રહેલ કબાટ માંથી રૂ.૬૦,૦૦૦ રોકડ રકમની ચોરો દ્વારા ચોરી કરવામાં આવી હતી. મકાન માલિક કૌટોબીક ભાઈના મરણ પ્રસંગે ગયેલ હતા. જેનો લાભ ઉઠાવી ચોરોએ ચોરી કરી હતી. જયારે અન્ય ત્રણ જગ્યાએ જેમાં બે મકાન અને એક અનાજ દળવાની ઘંટી ને પણ ટાર્ગેટ કરવામાં આવી હતી. જેમાં કરણભાઈ કાળુભાઈ ઓળકીયાની ઘંટીના તાળા તોડી ગલ્લામા રહેલ પરચુરણની ચોરી કરવામાં આવી હતી.જ્યારે ચાર જગ્યાઓ માંથી અન્ય બીજા બે ચંદુભાઈ નારણભાઈ ઓળકીયા તથા મુનાભાઈ ભાવાભાઈ મળતોલીયા ના મકાનોમાં માત્ર તાળા તોડ્યા હતા. આગળની વધુ તપાસ લખતર પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

## મામલતદારનું ચેકીંગ ડમ્પરો સીઝ કર્યા

સાયલા :

સાયલા પાસે ઓવરલોડ ખનીજ ભરેલા પાંચ ડમ્પરોને ગત તા.૨૨ નવે.ના રોજ મામલતદાર વિરલભાઈ શુકલની ટીમે ઝડપી લઈ કાર્યવાહી કરી છે. ઓવરલોડ તેમજ પાસ પરમીટ વિના ખનીજ વહન કરતા ડમ્પરો મામલતદારની ચેકીંગ ટીમની ઝપટે ચઢયા હતા. સાયલા મામલતદારે પાંચ ડમ્પરો કિં.રૂ.૧ કરોડ ૧૧ લાખ ૪૪ હજારનો મુદ્દામાલ સીઝ કરીને કાર્યવાહી કરી છે.

## આયા ચકચારી લૂંટનો ફરાર ઝડપાયો



સાયલા :

સાયલાના આયા ગામની સીમમાં રહેતા અને ખેત મજૂરી કામ કરતા આહીર કાંધલભાઈ અને તેના પરિવારને એક વર્ષ પહેલા રાત્રીના સમયે બંધક બનાવીને માર મારવાનો બનાવ બન્યો હતો. તેમજ રૂ. ૫૫ હજારની રોકડ રકમની લૂંટ કરી બાઈકની ઉઠાંતરી કરી ચાર જેટલા શખ્સો નાસી છૂટયા હતા.આ બનાવમાં ગત તા.૨૨ નવે.ના રોજ સુરેશ ઉર્ફે સુરકીયા રાયસીંગ ધનસીંગ ડામોર (રે.હાલ બલદેવ હોટલ પાસે, ચોટીલા)ને સાયલા પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી: તફાવત અને મહત્વ

આપણે ઘણીવાર લોકોના મોઢે સાંભળ્યુ હશે કે અચ્છા તમે ઓર્ગેનિક ખેતીની વાત કરો છો, પણ હકીકતમાં પ્રાકૃતિક ખેતી તદન અલગ પ્રકારની ખેતી છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગને ટાળવો, છાણિયા ખાતરોનો ઉપયોગ કરવો જેવી અમુક પ્રકારની સમાનતા હોવા છતા પ્રાકૃતિક ખેતી અને આ બન્ને પ્રકારની ખેતી વચ્ચે અમુક પાયાનો ભેદ છે. તો ચાલો આ જે જાણવાનો પ્રયાસ કરીએ શુ છે સમાનતા અને તફાવત આ બન્ને પ્રકારની ખેતીમાં.

પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનિક ખેતી (સેન્દ્રીય ખેતી) બન્ને રસાયણ મુક્ત ખેતી પદ્ધતિઓ છે, જે કુદરતી સંસાધનોના જતન પર ભાર મૂકે છે. આ બંને પદ્ધતિઓ પર્યાવરણની જાળવણી અને ટકાઉ ખેતીના સિદ્ધાંતો પર આધારિત છે, પરંતુ તેમની કાર્યપદ્ધતિ અને અભિગમમાં નોંધપાત્ર તફાવતો છે.

પ્રાકૃતિક ખેતી "ઓછા ખર્ચની કુદરતી ખેતી" તરીકે ઓળખાય છે. આ પદ્ધતિમાં બહારના કોઈ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવતો નથી. ખેડૂતો પોતાના ખેતરમાંથી જ બિયારણ મેળવે છે અને ગાયના ગોબર-મૂત્ર, જીવામૃત, અને બીજામૃત જેવા કુદરતી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિ ખેડૂતોને આર્થિક રીતે સ્વાવલંબી બનાવે છે અને ખેતીની પરંપરાગત પદ્ધતિઓને જીવંત રાખે છે.

સૌ પ્રથમ તો પ્રાકૃતિક ખેતીની એક મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે જમીનને ખેડવામાં આવતી નથી. આનાથી જમીનમાં રહેલા સૂક્ષ્મજીવાણુઓની સંખ્યા કુદરતી રીતે વધે છે અને જમીનનું જૈવિક માળખું જળવાઈ રહે છે. અંહિ સંપુર્ણપણે અળસીયાઓની જમીન છેદનની કુદરતી પ્રક્રિયા પર નિર્ભરતા રાખવામાં આવે છે.

વધુમાં પ્રાકૃતિક ખેતીમાં સીધુ જ માનવબળની મદદથી બાહ્ય નિંદામણ કરવામાં આવતુ નથી. અંહિ જે-તે પાક અથવા વૃક્ષોના પાંદડાઓથી જમીનને ઢાંકવામાં આવે છે. આ પ્રક્રિયાને મલ્ચીંગ પણ કહે છે. પાકના અવશેષોને જમીન પર પાથરવાની પ્રક્રિયા ઘણા ફાયદા ધરાવે છે. તે નિંદણ નિયંત્રણમાં મદદ કરે છે, ભેજ જળવાઈ રહે છે, અને જમીનનું ધોવાણ અટકે છે. આ આવરણ સૂક્ષ્મજીવોની વૃદ્ધિ માટે અનુકૂળ વાતાવરણ પણ બનાવે છે અને જમીનનું તાપમાન નિયંત્રિત રાખે છે.

પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિને વિશેષ મહત્વ આપવામાં આવે છે. આ પદ્ધતિથી રોગ-જીવાતનું કુદરતી નિયંત્રણ થાય છે અને વિવિધ પાકો એકબીજાને પોષણ પૂરું પાડે છે. મિશ્ર પાક પદ્ધતિ દુષ્કાળ સામે રક્ષણ આપે છે અને ખેડૂત કુટુંબને વિવિધ પ્રકારનો પોષણયુક્ત આહાર પૂરો પાડે છે. આ પદ્ધતિ જમીનની ફળદ્રુપતા પણ વધારે છે.

પ્રાકૃતિક ખેતીનો મોટો ફાયદો એ છે કે તેમાં માત્ર એક દેશી ગાયથી જીવામૃત બનાવી શકાય છે, જે મોટા વિસ્તારની ખેતી માટે પૂરતું છે. વળી, નિયમિત પ્રાકૃતિક ખેતી કરવાથી ત્રણ વર્ષબાદ જીવામૃતની પણ જરૂર પડતી નથી, જે અનેક અનુભવી ખેડૂતોએ સાબિત કર્યું છે. આ પદ્ધતિ ખેડૂતોને આર્થિક સ્વાવલંબન તરફ દોરી જાય છે અને પર્યાવરણની જાળવણીમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

## ટચુકડી જાહેરાત

### પ્લોટો વેચવાના છે
દાળમીલ રોડ, ધીરૂભાઈની વાડી પાસે, ૧૦૦ ફૂટના રોડ ઉપર પ્લોટો
Mo.94284 75541

-----------------------------

### દુકાનો વેચવાની છે
કોઠારી બાલ મંદિર સામે, અપના બજાર રોડ, કોમ્પ્લેકસમાં દુકાનો
Mo.94284 75541

-----------------------------

### મકાન વેચવાનું છે
જીનતાન રોડ, માતૃ છાયા બંગલાની સામેની સ્ટ્રીટ, રાજેશ્વરી સેવ મમરાવાળની દુકાન પાછળ, રીનોવેટ કરેલ. ફનિચર સાથે મકાન
Mo.94284 75541

-----------------------------

### દુકાનો વેચવાની છે
વિઠ્ઠલપ્રેસ રોડ ઉપર દુકાનો
Mo.94284 75541

-----------------------------

### જોઈએ છે
સિલાઈ કામ જાણકાર પેન્ટ શર્ટના કારીગરો.
મો.૯૪૨૬૨ ૦૬૦૦૦

### મકાન વેચવાનું છે
વઢવાણ ધોળીપોળ, ડો.દામાણીના દવાખાના વાળી શેરીમાં મકાન.
Mo.94284 75541

-----------------------------

### જોઈએ છે
ફર્નિચર, એલ્યુમીનીયમ સેકશન અને ફેબ્રીકેશનનું કામ કરી શકે તેવા કારીગરો.
Mo.80006 80802

-----------------------------

### જોઈએ છે
કાપડ તથા રેડીમેડ ના શોરૂમ માટે સ્ટાફ જોઈએ છે, અનુભવી તથા બિન અનુભવી.
મો.૯૪૨૬૨ ૦૬૦૦૦

-----------------------------

### જોઈએ છે
સિલાઈ કામ જાણકાર પેન્ટ શર્ટના કારીગરો.
મો.૯૪૨૬૨ ૦૬૦૦૦

-----------------------------

### આયુર્વેદિક ઉપચાર
શિયાળાની ઋતુમાં સાંધા તથા કમરના દુ:ખાવા માટે, માલીસ દ્વારા ઉપચાર.
મો.૭૬૨૧૮ ૮૮૫૫૯

## સોહમ્ ૨૪ સાપ્તાહિક દર ગુરૂવારે

આપની આજુબાજુમાં બનતી સમસ્યાનો ઉકેલ...
મોકલો અમને અમે કરીશુ ઉજાગર
બસ ઉઠાવો ફોન અને સ્કેન કરો કોડ...

સત્યમેવ જયતે
Soham24

Email : soham24info@gmail.com
www.soham24.com
75750 20982

## વિશેષ સમાચાર

# આ વર્ષની છેલ્લી ચોથી લોક અદાલત તા.૧૪ ડિસે.એ યોજાશે

સુરેન્દ્રનગર :

જિલ્લામાં કેસોનું ભારણ ઘટાડવાના ભાગરૂપે વર્ષ ૨૦૨૪ ની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન તા.૧૪ ડિસે.ના રોજ કરવામાં આવ્યુ છે. જેમાં દસ વર્ષ જુના કેસો સાથે ચેક રિર્ટન અને ભરણપોષણના કેસોનો સમાવેશ કરવામાં કરવામાં આવ્યો છે.

નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટી તેમજ ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ ના આદેશ અનુસાર તેમજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સુરેન્દ્રનગર ના અધ્યક્ષ અને જિલ્લાના પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એલ.એસ. પીરઝાદાના માર્ગદર્શન હેઠળ તા.૧૪/૧૨/૨૦૨૪ ને શનિવાર ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાની તમામ કોર્ટોમાં ૨૦૨૪ની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલત નુ આયોજન કરવા માં આવેલ છે.

લોક અદાલતમાં પેન્ડીંગ કેસો પૈકી, મોટર અકસ્માત હેઠળના વળતર ના કેસો, લેબર અદાલતના સમાધાન પાત્ર કેસો, જમીન ને લગતા, મીલકતો ને લગતા, પાર્ટીશન ને લગતા, બાકી લેણાંની વસુલાત ના તેમજ અન્ય સીવીલ પ્રકાર ના કેસો લગ્ન વિષયક તકરાર ના કેસો, બેંક ના કેસો, ઈલેકટ્રીસીટી ને લગતા કેસો, ચેક રીર્ટન ના કેસો તેમજ ફોજદારી સમાધાન લાયક અને અન્ય સમાધાન લાયક કેસો મુકી શકાય છે. પ્રિ-લીટીગેશન કેસો માં બેંક, ઈલેકટ્રીસીટી, ટેલીફોન કંપની ના પ્રીલીટીગેશન કેસો મુકવા માં આવે છે. આ ઉપરાંત નેત્રમ, જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી સુરેન્દ્રનગર દ્વારા આપવામાં આવેલ ઈ-ચલણ ની નોટીસ ના કેસો પણ પ્રિ-લીટીગેશન લોક અદાલત માં મુકવા માં આવે છે.અને તેવા ઈ-ચલણ ની નોટીસ મુજબ ના દંડ ના નાણાં ભરી દેવા થી આ નોટીસ માંડવાળ કરવામાં આવે છે. આ ઉપરાંત દશ વર્ષ જુના કેસો, ચેક રીર્ટન ના કેસો,ભરણપોષણ ના કેસો સહીત ના સમાધાનપાત્ર કેસોમાં સમાધાન ના માધ્યમ થી પક્ષકારો ની તકરારો નુ ઝડપી પરસ્પર સમંતિ થી નિરાકરણ કરી શકાય તે માટે કન્સીલીએશન ની ખાસ વ્યવસ્થા કરવા માં આવેલ છે.જેનો મહતમ લાભ લેવા તેમજ લોકઅદાલતમાં કેસ મુકાવવા માટે સબંધીત કોર્ટનો અથવા દરેક કોર્ટમાં કાર્યરત તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળએ જણાવેલ છે.

# આપત્તીના સમયે સતર્કતા બાબતે સુરેન્દ્રનગરમાં મોકડ્રીલ યોજાઈ





સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગરમાં દૂધરેજ પાસે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનનો પ્લાન્ટ કાર્યરત છે. ત્યારે આપતીના સમયે થતાં કાર્યવાહી અને અકસ્માત નિવારણ માટે મોકડ્રીલ તા.૧૯ નવે.ના રોજ યોજાઈ હતી. જેમાં સરકારી અકસ્માત નિવારણ વિભાગ અને સ્પેશ્યલ ઓપરેશન ગ્રૃપના પોલીસ જવાનોએ સંયુકત ઉપક્રમે મોકડ્રીલ યોજી હતી. જેમાં કોઈ અજાણ્યા શખ્સોએ પાછળની દિવાલ પરથી બોમ્બ જેવી વસ્તુ ફેંકાયાના સમાચાર બાદ પોલીસ ટીમ સહિતના વાહનો દોડતા જોવા મળ્યા હતા. અને આઈઓસીએલ ખાતે સર્ચ ઓપરેશન હાથ ધરી ગણતરીની મિનીટોમાં આઈઓસીએલના ભંગારના યાર્ડમાંથી બોમ્બ શોધીને ડિસ્પોસલની કાર્યવાહી કરવામાં આવી હતી.આ મોકડ્રીલમાં સીટી એ ડિવીઝન પોલીસ, એસઓજી તથા બીડીડીએસ ટીમ સહિત ટીમ જોડાઈ હતી.

# બીઆઈએસ દ્વારા સંવાદ સેમિનાર યોજાયો

સુરેન્દ્રનગર :

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ ગાંધીધામ બ્રાન્ચ ઓફિસ મીડિયા કનેકટ પ્રોગ્રામનું આયોજન ગત તા.૨૦ નવે.ના રોજ હોટેલ પ્રેસિડેન્ટ-સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવ્યુ હતુ.




બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) ગાંધીધામ શાખા કચેરી દ્વારા મીડિયા કનેકટ કાર્યક્રમ યોજ્યો હતો. BIS પ્રવૃત્તિઓ, ભૂમિકાઓ અને જવાબદારીઓ તેમજ ઉત્પાદનો માટે ISI ચિહ્ન, ઈલેકટ્રોનિક સામાન માટે CRS ચિહ્ન, અને સોના અને ચાંદીના ઘરેણાં માટે હોલમાર્ક સહિત વિવિધ પ્રમાણપત્રો મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં BIS ના મુખ્ય વક્તાઓ, અભિષેક, અને પ્રહલાદ પટેલ, સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર દ્વારા જરૂરી માહિતી આપી હતી. તેમજ સોના અને ચાંદીના આભૂષણો માટેના હોલમાર્ક પર ધ્યાન કેન્દ્રિત કરીને જણાવ્યુ હતુ કે કેવી રીતે આ પ્રમાણપત્ર કિંમતી ધાતુઓની શુદ્ધતા અને અધિકૃતતા અંગે ખાતરી આપે છે. અને આ ચિહ્નોને સમજવાથી માત્ર ઉપભોક્તાઓનું જ રક્ષણ થતું નથી પરંતુ જ્વેલરી ઉદ્યોગમાં ન્યાયી વ્યવહારને પણ પ્રોત્સાહન મળતુ હોવાની સમજ આપી હતી. આ કાર્યક્રમમાં માહિતી અને પ્રસારણ વિભાગના સિનિયર સબ એડિટર શક્તિ મુંધવાએ કાર્યક્રમમાં પ્રમુખ મહેમાન તરીકે હાજરી આપી.

# ઢાંકી ગામે ૨.૨૫ કરોડના ખર્ચે આધુનીક નવી સ્કૂલ બનશે

લખતર :

લખતરના ઢાંકી ગામે તા.૨૨ નવે. ના રોજ નવી સ્કૂલનું ખાતમુર્હત કરવામાં આવ્યું. જેમાં લખતર દસાડા ધારાસભ્ય પી.કે.પરમાર ના હસ્તે ખાતમુર્હત કરવામાં આવ્યું હતું. ઢાંકી ગામની સ્કૂલ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત એક થી આઠ ધોરણ માટે નવ રૂમ ફાળવવામાં આવ્યા છે. જેનો ખર્ચ ૨.૨૫ કરોડનો આવશે. ત્યારે આ સ્કૂલ નવી બનતા સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે આધુનિક નવી સ્કૂલ લાભ પ્રાપ્ત થનાર હોવાનો આશાવાદ વ્યકત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ


તસવીર : હાર્દિકસિંહ ઝાલા

વાસુદેવભાઈ પટેલ, લખતર તાલુકા ભાજપ પ્રમુખ બી.કે.ચેવાલિય, તાલુકા ભાજપ મહામંત્રી હરપાલસિંહ રાણા, ઘનશ્યામભાઈ તેમજ એપીએમસી ડિરેકટર કમલેશભાઈ અને ભાજપના કાર્યકર્તાઓ સ્કૂલના બાળકો, સ્કૂલના આચાર્ય, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્કૂલના આચાર્ય તેમજ ગામના સરપંચે જહેમત ઉઠાવી હતી.

# ખેડૂતોએ રાસાયણિક ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓની ખરીદી પૂર્વે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે માર્ગદર્શિકા જાહેર કરાઈ

સુરેન્દ્રનગર : નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)સુરેન્દ્રનગરની એક અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, સુરેન્દ્રનગર જિલ્લાના તમામ ખેડૂતો દ્વારા હાલ રવિ સિઝન માટે રાસાયણિક ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓ ની ખરીદી કરવામાં આવી રહી છે. આ બાબતે ખેડૂતોએ ખરીદી પૂર્વે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

આ માર્ગદર્શિકામાં જણાવ્યા પ્રમાણે, જંતુનાશક દવા, રાસાયણિક ખાતર અને બિયારણની ખરીદી હંમેશા અધિકૃત લાયસન્સ/ પરવાનો ધરાવતા વિશ્વાસુ વિક્રેતા પાસેથી જ પાકુ બિલ મેળવીને ખરીદી કરવાનો આગ્રહ રાખવો. રાસાયણિક ખાતરની થેલી, જંતુનાશક દવાની બોટલ/ ટીન તથા બિયારણની થેલી સીલબંધ છે કે કેમ તેની ખાતરી કરવી તથા કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલી જંતુનાશક દવાઓ અને બિયારણની ખરીદી કરવી નહીં. ત્રણેય ઈનપુટના વેપારી પાસેથી તેના લાયસન્સ નંબર, પૂરૂનામ, સરનામું તથા સહીવાળા બિલમાં ઉત્પાદકનું નામ, લોટ નંબર/ બેન્ચ નંબર, ઉત્પાદન તારીખ અને મુદત પૂરી થયાની તારીખ વગેરે તમામ વિગતો દર્શાવતું પાકું બિલ મેળવી લેવું. ખાતરની થેલી/ બારદાન ઉપર યથા પ્રસંગ ફર્ટિલાઈઝર, બાયોફર્ટિલાઈઝર, ઓર્ગેનિક ફર્ટિલાઈઝર, અથવા તો નોન-એડીબલ-ડી ઓઈલ્ડ કેક ફર્ટિલાઈઝર એવો શબ્દ ન લખેલો હોય તેવી થેલીમાં ભરેલ પદાર્થ ખરેખર ખાતરને બદલે કોઈ ભળતો પદાર્થ હોઈ શકે તો આવા પદાર્થોની ખાતર તરીકે ખરીદી ન કરવી. લેભાગુ તત્વો દ્વારા ભળતા નામ/ પેકિંગથી લોભામણી સ્કીમો આપી પાકુ બિલ આપ્યા વગર ખાતર/ દવા/ બિયારણનું વેચાણ કરે તો તેની ખરીદી ન કરવા તથા આવા લેભાગુ તત્વો બાબતે તેની જાણ નજીકની ખેતીવાડી શાખા/ લગત ખેતી અધિકારી/ નાયબ ખેતી નિયામક(વિ)ની કચેરી, સુરેન્દ્રનગરને જાણ કરવા વધુમાં યાદીમાં જણાવ્યું છે.

# પાકમાં વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં / વાવણી સમયે લેવાના પગલાં

સુરેન્દ્રનગર : જીરૂ, વરીયાળી, ધાણા, મેથી, અજમો અને સુવાના પાકમાં સંકલિત રોગ- જીવાત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં/ વાવણી સમયે લેવાના પગલાં જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

જીરૂનો કાળીયો અથવા કાળી ચરમી રોગના નિયંત્રણ માટે એક જ ખેતરમાં સતત જીરૂની વાવણી ન કરતાં પાક ફેરબદલી કરવી. સેન્દ્રિય ખાતર તેમજ ભલામણ અનુસાર નાઈટ્રોજન યુક્ત ખાતરનો ઉપયોગ કરવો. સુકારો રોગના નિયંત્રણ માટે છાણીયું ખાતર ૧૦ ટન/હે. અથવા દિવેલીનો ખોળ અથવા રાયડાનો ખોળ અથવા મરઘાંનું ખાતર ૨.૫ ટન/હે. આપવું અથવા ૫ કિલોગ્રામ ટ્રાઈકોડર્મા હાર્જીયાનમને ૩ ટન છાણિયા ખાતર સાથે મીશ્ર કરી ૧૫ દિવસ સુધી સમૃધ્ધ કરી ૧ હેક્ટર માટે વાવણી સમયે જમીનમાં આપવું. રોગ-જીવાત પ્રતિકારક જાતો જેવી કે ગુજરાત જીરૂ-૪ અને ગુજરાત જીરૂ-૫, ગુજરાત વરિયાળી ૨, ગુજરાત વરિયાળી ૧૧, ગુજરાત વરિયાળી ૧૨, ગુજરાત મેથી ૨ અને જી.એમ.-૪ (સુપ્રિયા), ગુજરાત ધાણા ૨ , ગુજરાત ધાણા-૪ (જી.સીઓઆર ૪:સોરઠ સુગંધ) અને ગુજરાત સુવા ૩ જેવી જાતોનું વાવેતર કરવું.

ભેજવાળું વાતાવરણ કાળી ચરમી માટે ખૂબ જ સાનુકૂળ હોવાથી રાઈ, ઘઉં અને રજકા વિગેરે પાણીની વધુ જરૂરિયાતવાળા પાકોની બાજુમાં જીરૂનું વાવેતર કરવાનું ટાળવું અથવા યોગ્ય અંતર રાખીને વાવેતર કરવું. રોગ નિયંત્રણ માટે વાવણી પહેલાં બીજને ૩ ગ્રામ થાયરમ અથવા ૩ ગ્રામ કાર્બેન્ડેઝીમ ફૂગનાશક દવાનો એક કિલો બીયારણ પ્રમાણે પટ આપવો. જીરૂના કાળી ચરમી રોગના નિયંત્રણ માટે પુંખીને વાવેતર કરવાને બદલે ૩૦ સેમીના અંતરે ચાસમાં વાવણી કરવી અને પિયત બાદ આંતર ખેડ કરવી. પિયત માટે કયારા ખૂબ જ નાના અને સમતલ બનાવવા જોઈએ જેથી એક સરખું અને હલકું પિયત આપી શકાય.

વરિયાળીમાં મૂળનો કોહવારો અથવા થડનો સડો રોગના નિયંત્રણ માટે ધરૂને ફેરરોપણી કરતાં પહેલાં ૪૦ ગ્રામ ત્રાંબાયુક્તા દવાનું ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી ધરૂને દ્રાવણમાં બોળીને વાવવા, વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને અનુસરવા જણાવવામાં આવે છે.

# રેશનીંગ દુકાનદારોનો વિરોધ

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારોએ બાયોમેટ્રીકમાં પડતી મુશ્કેલીને લઈ પુરવઠા અધિકારીને લેખિત રજઆત કરી હતી. અને રેશનિંગના દુકાનદારોએ બાયોમેટ્રિક હાજરી સાથે વૈકલ્પિક રસ્તો કાઢી આપવાની માગ કરી હતી.પંથકના ઘણા રેશનીંગના દુકાનદારો સીનિયર સીટીઝન હોવાથી તેમના બાયોમેટ્રીક મેચ થતા નથી. આથી



સરકાર દ્વારા નવી જોગવાઈઓમાં થોડો ફેરફાર કરી બાયોમેટ્રીકની સાથે મોબાઈલ ઓટીપીથી લોગઈન કરવાનો વિકલ્પ આપવામાં આવે તેવી જીલ્લા ફેરપ્રાઈઝ શોપ એસોશીએસન દ્વારા પુરવઠા અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.

## રસપ્રદ વાનગી

# પનીર રોલ



પનીર રોલ એક નાસ્તામાં પીરસાય એવો લાજવાબ રોલ છે જે બાળકોને બહુ પસંદ આવે છે. તેમાં પનીરનો સ્વાદિષ્ટ મસાલો રોટલી અથવા પરોઠામાં લપેટીને પછી તેનો રોલ બનાવવામાં આવે છે. તેને ઘરે બનાવવો ખૂબ જ સરળ છે. આ વિધિમાં મુખ્ય ત્રણ સ્ટેપ છે, ૧) પનીરનો મસાલો બનાવવો, ૨) રોલ માટે રોટલી બનાવવી અને ૩) રોલ બનાવવો.

રોટલી માટે સામગ્રી:
૩/૪ કપ ૧/૪ કપ ઘઉંનો લોટ અથવા મેંદો, ૨ ટીસ્પૂન તેલ, દૂધ મીઠું,

પનીરના મસાલા માટે સામગ્રી:
૧ કપ છીણેલું પનીર, ૨ ટેબલસ્પૂન બારીક સમારેલા લીલા ધાણા, ૧ મધ્યમ ડુંગળી, બારીક સમારેલી, ૧ લીલું મરચું, બારીક સમારેલું, ૧/૨ ટીસ્પૂન આદું-લસણની પેસ્ટ ૧/૨ ટીસ્પૂન જીરું, ૧/૪ ટીસ્પૂન ગરમ મસાલા પાઉડર, ૧/૨ ટીસ્પૂન લાલ મરચું પાઉડર, ૧ ટીસ્પૂન ધાણાજીરું, ૨ ટીસ્પૂન ટોમેટો કેચપ, મીઠું, ૧ ટીસ્પૂન તેલ

રોલ બનાવવા માટે સામગ્રી:
૨ ચીઝ ક્યુબ્સ, છીણેલા (વૈકલ્પિક), ૧ કપ કાપેલી લેટસ અથવા કાપેલી કોબી,૪ ટીસ્પૂન લીલી ચટણી, તેલ, શેકવા માટે

એક કાથરોટમાં ૩/૪ કપ ઘઉંનો લોટ, ૨ ટીસ્પૂન તેલ અને મીઠું લો. જરૂર પ્રમાણે દૂધ અથવા પાણી નાખોં અને રોટલી અથવા પરોઠાના લોટની જેમ નરમ લોટ બાંધો.

લોટને ઢાંકીને ૧૦-૧૫ મિનિટ માટે સેટ થવા દો. તેને ૪ સરખા ભાગોમાં વહેંચો અને તેને લૂઆની જેમ ગોળ આકાર આપો. એક થાળીમાં ૧/૪ કપ સૂકા ઘઉંનો લોટ વણવા માટે લો. એક લૂઓ લો અને તેને સૂકા ઘઉંના લોટથી લપેટો. તેને પાટલીની ઉપર રાખીને ૫-૬ ઇંચ વ્યાસના ગોળ આકારમાં (પાતળી રોટલીની જેમ) વણો.

તેને ગરમ તવાની ઉપર નાખોં અને બંને બાજુ હલકા બદામી રંગના ધબ્બા થાય ત્યાં સુધી શેકો.

તેને એક પ્લેટમાં મૂકો (અથવા રોટલી રાખવાના ડબ્બામાં) અને ઢાંકણથી ઢાંકો જેથી તે નરમ રહે. બાકીની રોટલી પણ આ જ રીતે શેકી લો. ધ્યાન રહે કે રોટલી વધારે શેકાય નહીં કારણકે રોલ બનાવતી વખતે આપણે ફરીથી તેને ગરમ કરીશું.

એક કડાઈમાં ધીમી આંચ પર ૧ ટીસ્પૂન તેલ ગરમ કરો. તેમાં જીરું નાખોં; જ્યારે જીરું ગોલ્ડન થવા લાગે ત્યારે બારીક સમારેલી ડુંગળી નાખોં. ડુંગળી ગોલ્ડન બદામી રંગની થવા લાગે ત્યાં સુધી સાંતળો. તેમાં આદું-લસણની પેસ્ટ નાખોં અને ૩૦ સેકંડ માટે સાંતળો.

તેમાં લાલ મરચું પાઉડર, ધાણાજીરું, ગરમ મસાલા પાઉડર, ટોમેટો કેચપ, લીલા ધાણા અને લીલા મરચાં નાખોં; તેને બરાબર મિક્ષ કરો.

ગેસ બંધ કરી દો. તેમાં છીણેલું પનીર અને મીઠું નાખોં, તેને બરાબર મિક્ષ કરો. રોલ બનાવવા માટે મસાલો (સ્ટફિંગ) તૈયાર છે; તેને ૪ સરખા ભાગોમાં વહેંચો.

પીરસતી વખતે એક તવા ને મધ્યમ આંચ પર ગરમ કરો. તેની ઉપર પહેલેથી શેકેલી રોટલી મૂકો અને બંને બાજુ ૧/૨ ટીસ્પૂન તેલ લગાવીને ફરીથી શેકો.

રોટલીને એક પ્લેટમાં મૂકો અને તેની ઉપર સમાનરૂપે ૧ ટીસ્પૂન લીલી ચટણી લગાવો (અથવા સ્વાદ અનુસાર ઓછી અથવા વધારે). વચ્ચે મસાલો મૂકો અને લંબાઈમાં ફેલાવો. તેની ઉપર ૧-૨ ટીસ્પૂન છીણેલું ચીઝ અને ૧/૪ કપ કાપેલું લેટસ અથવા કાપેલી કોબી નાખોં. મસાલાને રોટલીથી લપેટીને રોલ બનાવો.તેને ટોમેટો કેચપ અને લીલી ચટણીની સાથે પીરસો.

RNI No.GUJGUJ/2015/60109 || Published to post at R.M.S. Surendranagar Published on thursday, posting every Friday- No.G/SEN/369/16-18

## આરોગ્ય વિષયક

# બદલાતી ઋતુ : આ રોગોથી બચો



હવામાન બદલાઈ રહ્યું છે, તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. હવે રાત્રે એસી ચલાવવાની જરૂર નથી, પરંતુ ઓછી સ્પીડમાં પંખો ચલાવ્યા પછી પણ પોતાને ચાદરથી ઢાંકવાની જરૂર છે. બદલાતી ઋતુઓમાં આપણે બધાએ આપણા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવાની જરૂર છે, નહીં તો આપણું સ્વાસ્થ્ય બગડી શકે છે. બદલાતા હવામાનમાં વિવિધ રોગોથી કેવી રીતે બચી શકાય તે જાણો ...

હેલ્ધી ફૂડ ખાઓ: બદલાતી ઋતુમાં શરીરને વધારાના પોષક તત્વોની જરૂર હોય છે. તમારા રોજિંદા આહારમાં તાજા ફળો, શાકભાજી, કઠોળ અને પ્રોટીનયુક્ત ખોરાકનો સમાવેશ કરો. નિષ્ણાતો કહે છે કે દરરોજ ચોક્કસ વિટામિન્સ યુક્ત ખોરાકનું સેવન કરવાથી તમે સંપૂર્ણપણે સ્વસ્થ રહી શકો છો. નારંગી, લીંબુ અને કેરી જેવા વિટામિન સૌથી સમૃદ્ધ ફળો તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરે છે અને તમને શરદી અને ઉધરસથી બચાવવામાં મદદ કરે છે.

બદલાતા હવામાનમાં આપણે ઘણીવાર ઓછું પાણી પીતા હોઈએ છીએ, પરંતુ આપણા શરીરને હાઈડ્રેટ રાખવું પણ એટલું જ જરૂરી છે. આખો દિવસ ઉકાળેલું પાણી પીવાથી આવું થાય છે. તે શરીરને અંદરથી ગરમ રાખવામાં મદદ કરે છે અને તમારા મેટાબોલિઝમને પણ વધારે છે. તે ગળા અને શ્વસન માર્ગને મોઈશ્ચરાઈઝ કરવામાં પણ મદદ કરે છે, ચેપનું જોખમ ઘટાડે છે

શિયાળામાં શરીરને યોગ્ય આરામ અને પૂરતા પ્રમાણમાં પાણીની જરૂર હોય છે. પૂરતી ઊંઘ રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં મદદ કરે છે, જે તમારા શરીરને રોગ સામે લડવા માટે તૈયાર કરે છે. તાજગી અનુભવવા અને રોગોથી બચવા માટે દરરોજ ઓછામાં ઓછી ૭-૮ કલાકની ઊંઘ લો.

હવામાન પ્રમાણે યોગ્ય કપડાં પહેરવા જરૂરી છે. જ્યારે બહાર ઠંડી હોય ત્યારે ગરમ કપડાં પહેરો. તમારા માથા, હાથ અને પગને ઢાંકો, કારણ કે આ સ્થળોએ શરીરનું તાપમાન ઝડપથી ઘટી જાય છે.

આ સિઝનમાં તમારા શરીરને સક્રિય રાખવું જરૂરી છે. યોગ, વૉકિંગ અથવા સ્ટ્રેચિંગ જેવી હળવી કસરતો નિયમિતપણે કરો. આ ના માત્ર શરીરને ગરમ રાખે છે, પરંતુ રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે.

# મોર્નિંગ વોકના ફાયદા



મોર્નિંગ વોક સ્વાસ્થ્યને ઘણી રીતે ફાયદો કરે છે. તે તમારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંનેનું ધ્યાન રાખે છે. વૉકિંગને તમારી દિનચર્યાનો એક ભાગ બનાવવાથી તમારા સ્નાયુઓ અને હાડકાં મજબૂત બને છે. આ સાથે જ શરીરનું રક્ત પરિભ્રમણ પણ સુધરે છે. જોકે વૉકિંગના આ બધા ફાયદા ત્યારે જ મળે છે જ્યારે તમે તમારી મોર્નિંગ વૉક યોગ્ય રીતે કરો.

મોર્નિંગ વોક આપણા સ્વાસ્થ્ય અને ફિટનેસ બંને માટે ખૂબ જ ફાયદાકારક છે પરંતુ ઠંડા વાતાવરણમાં મોટાભાગના લોકો કસરત કરવામાં આળસ અનુભવે છે. જેના કારણે લોકોનું વજન ઝડપથી વધવા લાગે છે, જો તમે તમારી જાતને એકદમ ફિટ રાખવા માંગતા હોય તો આ સિઝનમાં તમે પણ મોર્નિંગ વોક ચોક્કસ કરો. પરંતુ તેની સાથે, તમારે ઠંડીથી બચવા માટે ચાલતી વખતે આ ખાસ વાતોનું ધ્યાન રાખવું જોઈએ.

ચાલતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું

ચાલતી વખતે તમારા શરીરને ક્યારેય નીચેની તરફ ન વાળો. આ કારણે શરીર તણાવમાં આવે છે અને સંતુલન ખોરવાય છે. કેટલાક લોકો ચાલતી વખતે હાથ ફેરવતા નથી, જ્યારે આ દરમિયાન હાથ ફેરવવા સ્વાસ્થ્ય માટે સારું છે. તેનાથી ચાલવાની ક્ષમતા સુધરે છે અને શરીરનું સંતુલન પણ જળવાઈ રહે છે.

જો તમે વોકિંગ કરવા જઈ રહ્યા છો, તો વધુ પડતું પાણી ન પીવો. આ સિવાય ચાલવા માટે યોગ્ય શૂઝ પસંદ કરો. કારણ કે ખરાબ શૂઝથી પગમાં દુખાવો થઈ શકે છે.

કેટલાક લોકો ચાલતી વખતે નીચું જુએ છે અથવા મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા રહે છે. આવી સ્થિતિમાં ચાલવાથી થયેલો ફાયદો ખોટમાં ફેરવાઈ શકે છે.

# શિયાળાની ઋતુમાં ગળામાં ઈન્ફેક્શનથી બચો....



ઠંડીની મોસમ આવતા જ લોકો શરદી, ઉધરસ અને ગળામાં ખરાશ જેવી સમસ્યાઓથી ઝઝૂમવા લાગે છે. આ સિઝનમાં આ સમસ્યા એટલી વધી જાય છે કે લોકો ઉધરસને કારણે બીમાર થઈ જાય છે. જેના કારણે ક્યારેક લોકોને શ્વાસ લેવામાં તકલીફ થાય છે. શિયાળાની ઋતુમાં ગળામાં ઈન્ફેક્શન કેમ થાય છે અને તેનાથી બચવા તમારે શું કરવું જોઈએ.

શિયાળાની ઋતુ શરૂ થતાં જ તાપમાનમાં ઘટાડો થવા લાગે છે, જેના કારણે ગળામાં ઈન્ફેક્શન, શરદી અને ઉધરસ સામાન્ય થઈ જાય છે. શિયાળાની ઋતુમાં પ્રદૂષિત હવા આપણી શ્વસનતંત્ર પર ખરાબ અસર કરે છે. જેના કારણે ગળામાં ઈન્ફેક્શન ઝડપથી ફેલાઈ જાય છે. સૂકી અને ઠંડી હવા ગળાના અસ્તરને બળતરા કરી શકે છે, તેની કુદરતી સંરક્ષણ પદ્ધતિને નબળી બનાવી શકે છે. ઉપરાંત, શિયાળા દરમિયાન, લોકો બંધ જગ્યાઓમાં વધુ સમય વિતાવે છે, જેનાથી હવામાં વાયરસ ફેલાવાનું જોખમ વધી જાય છે.

જ્યારે તાપમાનમાં ઘટાડો થાય છે, ત્યારે નબળી રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા લોકો શરદી અથવા ઈન્ફ્લ્યુએન્ઝા જેવા મોસમી વાયરસ પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે. ઉપરાંત, શુષ્ક અને ઠંડી હવામાં ઓછી ભેજ અનુનાસિક માર્ગોને સૂકવી નાખે છે. જેના કારણે બેક્ટેરિયા પ્રવેશવું સરળ બને છે. જે લોકો પહેલાથી જ શ્વસન સંબંધી સમસ્યાઓ ધરાવે છે અથવા નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવે છે તેઓને ગળામાં ચેપ અને તેની સાથે સંકળાયેલા લક્ષણોનું જોખમ વધારે હોય છે.

ગળામાં ઈન્ફેક્શન કે શરદીથી બચવા માટે સૌથી જરૂરી છે કે તમે તમારી આસપાસ સ્વચ્છતા જાળવો. જ્યારે પણ તમે બહાર જાઓ ત્યારે ગરમ કપડાં પહેરો. ઘરમાં પણ ગરમ કપડાં પહેરો. નિયમિત રીતે હાથ ધોવાથી બેક્ટેરિયાનો ફેલાવો ઓછો થાય છે. તમારા ગળાને ભેજવાળી અને સુરક્ષિત રાખવા માટે તમારી જાતને હાઈડ્રેટેડ રાખો. ગાર્ગલિંગ માટે હૂંફાળા મીઠાના પાણીનો ઉપયોગ કરો નિયમિત રીતે હાથ ધોવાથી બેક્ટેરિયાનો ફેલાવો ઓછો થાય છે. ગાર્ગલિંગ માટે હૂંફાળા મીઠાના પાણીનો ઉપયોગ કરો

તમારા આહારમાં વિટામિન સી અને એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર સંતુલિત આહાર રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. ભીડવાળી જગ્યાએ માસ્ક પહેરવું અને ઠંડી હવાના અચાનક સંપર્કમાં આવવાનું ટાળવું પણ મદદરૂપ થઈ શકે છે.

આપના ધંધાની જાહેરાત માટેનું સર્વશ્રેષ્ઠ માધ્યમ
સત્યમેવ જયતે
Soham24
સોહમ્ ૨૪ પ્રિન્ટ મિડીયાના માધ્યમથી
75750 20982
અમે આપના વ્યવસાયની જાણકારી પહોંચાડવાનું ઉત્તમ માધ્યમ
આપના ધંધાની જાહેરાત વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ
ટચુકડી ૧ લાઈનના રૂ.૧૫/-
(સોમવાર સાંજ સુધીમાં સ્વીકારવામાં આવશે)
છુટક નકલના રૂ.૫-૦૦
વાર્ષિક લવાજમ : રૂ.૪૦૦

| બ્લેક એન્ડ વાઈટ | કલર |
|---|---|
| અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી. | અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી. |
| છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી. | છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. |
| પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. | પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી. |

રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Email : soham24info@gmail.com

ખાસ નોંધ : સોહમ૨૪ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલા કોઈપણ આરોગ્ય સબંધિત બાબતો (નુસખા-ટીપ્સ)નો ઉપયોગ કરતા પહેલા ડોક્ટરની સલાહ લેવી.

## મનોરંજન

# મુખ્યમંત્રીએ 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મને ગુજરાતમાં કરમુક્ત જાહેર કરી




અમદાવાદ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં અમદાવાદમાં સિટી ગોલ્ડ સિનેમા ખાતે 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ નિહાળી હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ફિલ્મ નિહાળી હતી. ફિલ્મ નિહાળ્યા બાદ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ ફિલ્મની પ્રશંસા કરી હતી. અને ફિલ્મ નિર્માતા અને સ્ટારકાસ્ટને બિરદાવ્યા હતા. ફિલ્મ જોયા પછી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ધ સાબરમતી રિપોર્ટ'ને ગુજરાતમાં ટેક્સ ફ્રી જાહેર કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફિલ્મ નિર્માતા એકતા કપૂર, પીઢ અભિનેતા જિતેન્દ્ર અને રિદ્ધિ ડોગરા સાથે આ ફિલ્મને નિહાળી હતી. આ અવસરે અમદાવાદનાં મેયર પ્રતિભાબેન જૈન, પૂર્વ મંત્રી ગોરધન ઝડફિયા, અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ, પશ્ચિમના સાંસદ દિનેશ મકવાણા, ધારાસભ્ય સર્વે અમિત શાહ, દિનેશ કુશવાહા, જિતેન્દ્ર પટેલ, રાજકીય અગ્રણી રત્નાકરજી, એએમસીના પદાધિકારીઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરમાં 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ ૧૫ નવેમ્બરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મને નિહાળ્યા બાદ અત્યાર સુધીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ સહિત ઘણા મહાનુભાવોએ આ ફિલ્મની પ્રશંસા કરી ચૂક્યા છે. અને મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આ ફિલ્મને કરમુક્ત પણ જાહેર કરવામાં આવી છે.




# ગુજરાતી ફિલ્મ 'સાસણ' ગીરના સિંહની ડણક




ગીર ભારતનું એકમાત્ર જંગલ જ્યાં એશિયાટિક લાયન જોવા મળે છે. આ ગીરના ડાલામથા વિશે આપણે ઝવેરચંદ મેઘાણીની અનેક રચનાઓ વાંચી છે, પરંતુ સિલ્વર સ્ક્રીન પર ગીરના સિંહોને ભાગ્યે જ સ્થાન મળ્યું છે. જો કે, તાજેતરમાં જ રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ સાસણ નામ પ્રમાણે જ સાસણગીરની વાર્તા લઈને આવી છે. સાસણગીર એટલે એવું જંગલ જ્યાં સિંહની ડણક વચ્ચેય માલધારીઓ પોતાની રોજિંદી જિંદગી જીવતા હોય છે.

ગીરના જંગલમાં માલધારીઓની વચ્ચે રહેતા-રહેતા એક પછી એક પ્રસંગોથી માઈકલને એ વાત સમજાય છે કે ભલે સિંહો માલધારીઓના પશુઓનું મારણ કરતા હોય પણ માલધારીઓ સિંહોને દુશ્મન નથી માનતા. માલધારીઓનો સિંહપ્રેમ એટલો અનોખો છે કે તેઓ પોતાના પ્રિય પશુઓના મારણને પણ બલિદાન ગણે છે.

ફિલ્મમાં આઈમા તરીકે રાગિણી આપને એક અલગ જ અંદાજમાં જોવા મળશે. રાગિણીના અભિનયને લઈને કંઈક કહેવું એ સૂરજને દીવો બતાવવા જેવું છે. આ ફિલ્મમાં પણ તેઓએ તેમની એક દિગ્ગજ અભિનેત્રીને છાજે તેવી દમદાર ભૂમિકા ભજવી છે. ફિલ્મના લીડ એક્ટર ચેતન ધાનાણીએ રેવા ફિલ્મમાં પોતાના અભિનયથી દર્શકોનું દિલ જીતી લીધું હતું, તેજ રીતે આ ફિલ્મમાં પણ ચેતનનો અભિનય શાનદાર છે. હિરલના રોલમાં અંજલી બારોટ આખી ફિલ્મને પોતાના ખભે ઉપાડી લે છે. માલધારી પરિવારની દિકરીઓમાં જોવા મળતી હિંમત અને ખુમારીને હિરલના પાત્રમાં ખુબજ સુંદર રીતે દર્શાવાઈ છે.

# 'પુષ્પા ૨'ના 'કિસ્સિક' સોન્ગનો પ્રોમોએ મચાવી ધુમ




પુષ્પા ૨ ફિલ્મને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. આ ફિલ્મના ગીત 'કિસ્સિક'નો પ્રોમો રિલીઝ થઈ ગયો છે.

પુષ્પા ૨ ફિલ્મને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. આ ફિલ્મના ગીત 'કિસ્સિક'નો પ્રોમો રિલીઝ થઈ ગયો છે. જેણે ચાહકોની ઉત્તેજનાને વધારી દીધી છે. આ ફિલ્મ ૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

'પુષ્પા ૨'ના ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દરમિયાન મિથ્રી મૂવી મેકર્સે ફિલ્મના નવા ગીત 'કિસ્સિક' નો પ્રોમો રિલીઝ કર્યો છે. આ ગીતમાં આઈકન સ્ટાર્સ અલ્લુ અર્જુન અને શ્રીલીલાનું જબરદસ્ત પરફોર્મન્સ જોવા મળ્યું હતું. જેણે રિલીઝ પહેલા જ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે.

'કિસ્સિક' પહેલાથી જ તેના હાઈ-એનર્જી ડાન્સ મૂવ્સ અને કેચ સાઉન્ડટ્રેક માટે ચર્ચામાં છે. દેવી શ્રી પ્રસાદના સંગીતથી બનેલા આ ગીતને ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ચાહકોનું કહેવું છે કે અલ્લુ અર્જુન અને શ્રીલીલાની જોડીએ ગીતમાં પ્રાણ પૂર્યા છે.

સુકુમાર દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં અલ્લુ અર્જુન ઉપરાંત રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસિલ પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મનું નિર્માણ મિથ્રી મૂવી મેકર્સ અને સુકુમાર રાઈટિંગ્સના બેનર હેઠળ કરવામાં આવ્યું છે, જ્યારે સંગીત ટી સીરીજ દ્વારા સંભાળવામાં આવ્યું છે.

ફિલ્મ 'પુષ્પા ૨'નું ટ્રેલર તાજેતરમાં પટનાના ગાંધી મેદાનમાં રિલીઝ કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન મોટી સંખ્યામાં ચાહકો રશ્મિકા અને અલ્લુની એક ઝલક જોવા માટે આવ્યા હતા. દરેક જણ સિતારાની એક ઝલક મેળવવા માટે ઉત્સાહીત હતા. ભીડ એટલી વધી ગઈ કે ત્યાં હાજર પોલીસે તેમને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કર્યો. આ દરમિયાન સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો પણ વાયરલ થયા હતા જેમાં બંને સેલેબ્સ સ્ટેજ પરથી ફેન્સ સાથે વાત કરતા જોવા મળ્યા હતા.

## સીધી ટક્કરથી ૫૦ કરોડનું નુકસાન

દિવાળી વખતે જ્યારે 'સિંઘમ અગેઈન' અને 'ભૂલ ભુલૈયા ૩' એક સાથે રિલીઝ થવાની હતી ત્યારે લાંબા સમય સુધી આ બંનેમાંથી કોઈ ફિલ્મને નુકસાન થશે અને કોણ કમાણી કરી લેશે એ બાબતે ઘણી ચર્ચાઓ થઈ હતી. જોકે, આ બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ઘણું સારું પ્રદર્શન કર્યું. ટ્રેડ એક્સપર્ટ હવે આ ફિલ્મોની કમાણીના આંકડાઓનું એનાલિસીસ કરે છે, જે મુજબ આ સીધી ટક્કરને કારણે આ બંને ફિલ્મોને કમાણીમાં લગભગ ૫૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. જો તેમની વચ્ચે ટક્કર ન થઈ હોત તો તેઓ ઘણી વધુ કમાણી કરી શક્યા હોત. ટ્રેડ એક્સપર્ટ તરણ આદર્શે જણાવ્યું કે આ બંને ફિલ્મોને સોલો રિલીઝ મળી હોત તો ૨૫-૩૦ ટકા વધુ કમાણી થઈ હોત. આ બંને ફિલ્મો વચ્ચે છેલ્લી ઘડી સુધી સ્ક્રીન બાબતે પણ રસાકસી ચાલતી હતી.

## ધર્મજ્ઞાન

# ધર્મનો હેતુ સત્વ ગુણ



ધર્મ એટલે જ આત્માને પરમાત્મા સમીપ પહોંચાડનાર સુમંગલ સેતુ છે. જગતના તમામ ધર્મનો મૂળભૂત ઉદેશ માણસના આત્માના ગૌરવને જ પ્રાપ્ત કરવાનો છે. અને પ્રત્યેક પ્રાણીમાં રહેલા પરમ તત્વને પામવાનો છે. આજ દરેક સત્ય ધર્મનો મુખ્યત્વે હેતુ અને સત્વ ગુણ રહેલો છે.

જગતમાં પરિવર્તન તથા પ્રગતિથી કોઈ સત્ય ધર્મ નષ્ટ થતો નથી. પણ વધુ સારી રીતે વિકસે છે અને દૃઢ બને જ છે. કારણ કે પરિવર્તન એજ પ્રકૃતિનો સનાતન ગુણધર્મ છે, જે ધર્મ પરિવર્તીત થતો નથી તે આંતરિક નષ્ટ જ થાય છે.

આજના ધર્મની માન્યતાઓને કારણે દુર્બળ થયેલી પ્રજા તો સૌથી વધુ દયનીય દશા જ ભોગવતી હોય છે, કારણ કે તે આજના કહેવાતા ધર્મને પોતાના તારણહાર માને છે, જયારે આજનો વાસ્તવિક ધર્મ જ માણસને જ ડુબાડતો હોય છે. અને ડૂબે જ છે, પણ તેનુ તેને ભાન નથી. અને ધર્મને માત્ર માનીને ચાલનાર માણસ હંમેશા ડૂબે જ છે, તે કદી જીવન સ્વસ્થ રીતે તરી શકે જ નહીં. ધર્મ એ દેખાડાનો નથી, પણ આત્મિક સત્યના આચરણનો છે, બીજાનું સત્ય તે આપણું સત્ય કદી બની શકે જ નહિ. જ્યાં ધર્મમાં નરી જ બનાવટ હોય, ત્યાં સત્ય હાજર નથી. એટલું જાણો, માનવ જીવનમાં અનુભૂતિ અનુષ્ઠાન અને આત્મિક સત્ય આચરણ એજ ત્રણ સત્ય ધર્મના પ્રાણ છે. અને પાયા છે, આની જ હાજરી નથી ત્યાં ધર્મ નથી એટલું સ્પષ્ટ હૃદયથી જાણો, અને શાસ્ત્રો ભણવાથી, ધર્મની વાતો સાંભળવાથી, સત્સંગથી કે કથાઓ સાભળવાથી કદી પણ સત્ય ધર્મ ઉપલબ્ધ થાય જ નહિ કે લાભ કોઈને થતો નથી, માત્ર બનાવટ કરનારને મહા લાભ થાય છે, તે સત્ય છે.

માનવ જીવનમાં આત્મિક સત્યથી વધીને કોઈ ચીજ આ જગતમાં તો નથી અને અસત્ય ને બનાવટ જેવું કોઈ મહા પાપ આ જગતમાં નથી, ખરેખર ધર્મનું મૂળ છે. આત્મિક સત્ય પ્રમાણે આચરણ, આધ્યાત્મિકતા એજ આપણી સંસ્કૃતિની આધાર શિલા છે. સાંસારિક સુખના મિથ્યાત્વનું ઊંડું જ્ઞાન એ જ એનું મધ્યબિંદુ છે. અને સનાતન સત્ય તત્વની ખોજ એ જ એનો સુવર્ણ કળશ છે.

જીવનમાં સત્ય ધર્મની શરૂઆત કાલે કરશો તો પણ ચાલશે. કદાચ ન કરો તો પણ આભ ફાટી જવાનું નથી કે નર્ક મળી જવાનું નથી. પણ આજથી અધર્મનું આચરણ તો અત્યારે જ આ સેકંડે જ બંધ કરો, અને આત્મિક સત્યમાં સ્થિર થઈને માત્રને માત્ર જીવનમાં કોઈને બનાવવા નહિ અને કોઈનાથી બનવું નહીં કે કોઈથી બની જવું નહીં અને બનવા માટે કોઈ પાસે જવું જ નહિ. જોકે, બનાવવા વાળાનો પાર નથી. માટે ચેતતા રહેવામાં જ મજા છે. એટલું જાણીને ચાલો આટલું જ જીવનમાં આચરો આનાથી કશું પણ વધારે નહીં.

આજ સત્ય ધર્મનું આચરણ છે, અને આપણાં પોતાના આત્મિક સત્યના રસ્તે નિરંતર પાછું વાળી જોયા વિના ચાલતું જ રહેવું એજ ધર્મનું આચરણ છે. આટલું જ કરો કોઈ પ્રાર્થના, પૂજા, આરતી, હોમ, હવન, જપ કાંઈ જ કરવાની કે કરાવવાની કોઈ જરૂર નથી. કરાવવાવાળા કોઈ જ જરૂર નથી, કરાવવા વાળાથી બચો, તો જ તમો જ સાચા ધાર્મિક છો, અને જગતના તમામ ધર્મને સત્ય સ્વરૂપ થઈ પાળો છો, એ મૃત્યુ વખતે અનુભવશો જ. કારણ કે તમો એ જે ધર્મ કે તેના કહેવાતા સિદ્ધાંતો તમારા શારીરિક માનસિક કે આધ્યાત્મિક નિર્બળતા લાવે તેમ છે. તે તમોએ ઝેર સમજીને ત્યજી દીધેલા છે. જેમાં જીવનનું આત્મિક સત્વ નથી તે સાચું હોય શકે જ નહીં. આત્મિક સત્ય તો બળ વર્ધક પવિત્ર અને જ્ઞાનમાં છે. તે આત્મિક સત્યનો શક્તિ દાયક જ્ઞાન વર્ધક અને ચૈતન્યમય છે, તેનું તો તમો આચરણ કરો જ છો. પછી ભય શેનો હોય, નિર્ભય, અને અભય થઈને શાંત ચિત્તે આનંદથી જીવો એ જ સત્ય ધર્મનું આચરણ છે.

# એક સત્ય પરમાત્માને જાણવાથી જ ભ્રમોમાંથી મુક્તિ મળે છે : બ્રહ્મની પ્રાપ્તિ વિના ભ્રમોની સમાપ્તિ થતી નથી





આલેખનઃ
**વિનોદભાઇ માછી નિરંકારી**
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ

હરિયાણાના સમાલખા સ્થિત સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ ખાતે આયોજીત ત્રિદિવસીય વાર્ષિક નિરંકારી સંત સમાગમના પાવન અવસરે સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે લાખોની સંખ્યામાં સમ્મિલિત શ્રદ્ધાળુઓને પોતાના અમૃતમયી પ્રવચન દ્વારા કહ્યું હતું કે "સંસારમાં જેટલી ચીજવસ્તુઓ અમે જોઈએ અને અનુભવીએ છીએ તે તમામ પરિવર્તનશીલ છે.તેમાંનો કોઇ પદાર્થ શાશ્વત સત્ય કહેવાતો નથી.જેવી રીતે દિવસ આથમે ત્યાર પછી રાત થાય છે અને રાત્રિ પુરી થયા પછી દિવસની શરૂઆત થાય છે તેવી જ રીતે કોઇપણ વસ્તુ કે પદાર્થના અસ્તિત્વને શાશ્વત માની લેવો તે અમારો ભ્રમ હોય છે કારણ કે વાસ્તવિક સત્ય તો ફક્ત એક નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા છે જેને વિભિન્ન નામોથી યાદ કરવામાં આવે છે.આ નિરંતર એકરસ રહેનાર સત્યને અપનાવવાથી,જીવનનું અંગ બનાવવાથી નિઃસંદેહ અમે તમામ પ્રકારના ભ્રમોમાંથી મુક્તિ મેળવી શકીએ છીએ."

આપણી આદતોમાં સુધારો લાવવો અને આપણી નબળાઈઓને ઓળખીને તેને દૂર કરવાનો પ્રયાસ કરવો એ પણ વિસ્તારનું એક રૂપ છે.જો આપણને ખબર પડે કે કોઇ ટેવ ખરાબ છે અને તેમછતાં આપણે તેને છોડવા માટે અસમર્થ છીએ તો પછી અમારે આત્મ-અવલોકન કરવાની જરૂર છે.અમારી વિચારસરણી અને ટેવોને સકારાત્મક વિશામાં વિકસાવવી મહત્વપૂર્ણ છે.ઘણીવાર આપણી વિચારસરણી ફક્ત આપણને જ ફાયદો થાય તેવા ભાવ સુધી સિમિત હોય છે પરંતુ આપણી વિચારધારામાં બીજાઓને ફાયદો થાય તેવો ભાવ હોય તો તે સાચા વિસ્તરણની નિશાની કહેવાશે. આપણા દ્રષ્ટિકોણને નરમ બનાવી ને બીજાઓના વિચારોનો ખુલ્લા દિલથી સ્વીકારવાનો છે. સદગુરૂ માતાજીએ એક વાર્તા દ્વારા સમજાવ્યું કે હઠાગ્રહી વિચારસરણી આપણને વાસ્તવિકતાથી દૂર કરે છે અને સબંધોમાં પણ અંતર લાવી શકે છે.મનુષ્ય જીવનમાં વિચારોનું આદાન-પ્રદાન અને જીવનમાં કંઇક નવું શિખવાની ક્ષમતા અમોને આધ્યાત્મિક રીતે મજબૂત બનાવે છે.

નિરંકારી રાજપિતા રમિતજીએ પોતાના વિચારોમાં કહ્યું કે ૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં ભાગ લેવો સંતો અને શ્રદ્ધાળુઓના માટે એક આનંદનો અનોખો અવસર છે.આ સમાગમ જીવનને ઉંડાણ અને વિસ્તરણ પુરૂં પાડે છે.સદગુરૂની કૃપા અને ઉપદેશોએ માનવ અસ્તિત્વને અસિમ અને ગૌરવશાળી બનાવ્યું છે.પોતાના અસ્તિત્વને ઓળખવું એ જ સાચો સ્વાર્થ છે. સદગુરૂ દ્વારા આપવામાં આવેલ આધ્યાત્મિકતા આપણી વિચારસરણી,પ્રેમ,સેવા, સમર્પણ,કરૂણા તથા અન્ય દિવ્ય ગુણોનો વિસ્તાર કરે છે.સત્સંગમાં આવીને સદગુરૂના માધ્યમથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું તથા સંતોના વચનોને સાંભળવાથી અમારી વિચારશક્તિ વિશાળ બને છે.જ્યારે આપણે આ નિરાકાર પ્રભુ પરમાત્માની સાથે જોડાઈ જઈએ છીએ ત્યારે આપણા જીવનના દરેક રંગને અપનાવીને તેનાથી અલગ રહેતાં શીખીએ છીએ.આ નિરાકાર પ્રભુ પરમાત્મા દરેક સમયે,દરેક પરિસ્થિતિમાં હાજર છે તેને ઓળખીને દરેક વ્યક્તિ પોતાના જીવનને યોગ્ય દિશામાં વિસ્તાર કરી શકે છે.

હરિયાણા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ હુડાએ વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં પધારીને સદગુરૂ માતાજી તથા નિરંકારી રાજપિતાજીના દર્શન કરી આર્શિવાદ પ્રાપ્ત કર્યા હતા.

૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં આધુનિક કાયરોપ્રેક્ટિક તકનીકના માધ્યમથી નિઃશુલ્ક સ્વાસ્થ્ય સેવાઓનો લાભ આપવામાં આવ્યો હતો.દરરોજ ૩૦૦૦ થી ૪૦૦૦ લોકોએ આ ટેકનોલોજીનો લાભ લીધો હતો.અમેરીકા, યુ.કે. કેનેડા સ્પેન ફ્રાન્સ અને ભારતના કુલ પચ્ચિસ ડાંકટરોની એક ટીમે સતત સેવાઓ આપી હતી.

ગ્રાઉન્ડ એ અને સી માં ઉભા કરવામાં આવેલ હોમિયોપેથી દવાખાનામાં દરરોજ ૩૦૦૦ થી ૪૦૦૦ દર્દીઓની સારવાર કરવામાં આવતી હતી.ફિઝીયોથેરાપીના માટે પંદર મશીનો ગોઠવવામાં આવ્યા હતા.આ ઉપરાંત નાના ઓપરેશન થિયેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ઓર્થોપેડિક, હૃદયરોગની બિમારી તથા આંખની બિમારીના દર્દીઓની સારવાર કરવામાં આવતી હતી.આરોગ્ય સેવાનું ઉચ્ચ સ્તર જળવાઈ રહે તે માટે એક હજાર સર્જન ડાંકટર,મેડીકલ તથા પેરામેડીકલ સ્ટાફની ટીમ દ્વારા સંચાલન કરવામાં આવતું હતું.વસુધૈવ કુટુંબકમનું સ્વરૂપ વાર્ષિક નિરંકારી સંત સમાગમ કાર્યક્રમના બીજા દિવસે પણ સકારાત્મક તરંગો ફેલાવતો રહ્યો હતો.

www.soham24.com
**સોહમ્ ૨૪ સાપ્તાહિક**
કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 90333 00345
Email : soham24info@gmail.com - info@soham24.com

**સોહમ૨૪ સાપ્તાહિક ન્યુઝ સાથે જોડાવવાની ઉત્તમ તક...**

સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા વઢવાણ, લખતર, મુળી, સાયલા, થાન, ચોટીલા, લીંબડી, ધ્રાંગધ્રા, પાટડી-દસાડા, ચુડા મથકો ઉપર સમાચાર અને જાહેરાતનું કામ સંભાળી શકે તેવા ઉત્સાહી પત્રકારોની જરૂર છે, સાથે જાહેરખબરનું કામ કરી શકે તે માટે એજન્સી આપવાની છે. બહોળો અનુભવ ધરાવતા પત્રકારત્વ કરતા રિપોર્ટરને અગ્રીમતા આપવામાં આવશે...

# બાલવાડી




એક જંગલમાં સિંહ રહેતો હતો.

ઉનાળાના દિવસો હતા. આકરો તાપ હતો. સિંહ ગરમીથી અકળાઈ ગયો હતો. તે ઝાડના છાંયે બેસી ઊંઘતો હતો. એવામાં એક ઉંદર ત્યાં આવી ચડ્યો. સિંહને ઊંઘતો જોઈ તે તેના શરીર પર દોડાદોડી કરવા લાગ્યો. તેના શરીર પર તે રમવા લાગ્યો.

ઉંદર સિંહની કેશવાળી પકડી ઝૂલા ખાતો હતો. ત્યાં તેની પૂંછડી સિંહના નાકમાં ભરાઈ. તેથી સિંહની ઊંઘ ઊડી ગઈ. તેણે 'હાક.. છી!' કરી છીંક ખાતાં ખાતાં એક ઉંદરને ભાગતો જોયો. તેણે નાસતા ઉંદરની પૂંછડી પોતાના પંજાથી દબાવી દીધી.

ઉંદર ખૂબ ડરી ગયો. તે કરગરીને બોલ્યો - સિંહદાદા આપ જંગલના રાજા છો. મારો એક ગુનો માફ કરી મને છોડી દો. જરૂર પડશે ત્યારે હું એનો બદલો વાળી આપીશ!

સિંહ એ સાંભળી હસી પડયો અને બોલ્યો - ઉંદરડા! નાનકડા જીવડા જેવો તું વળી મને શી મદદ કરવાનો?

ઉંદરે હાથ જોડી ફરી વિનંતી કરી - સિંહદાદા, એક વખત મને જીવતદાન આપો. તમારો ઉપકાર જિંદગીભર યાદ રાખીશ. આટલું બોલતાં ઉંદરની આંખમાં આંસુ આવી ગયાં. નાનકડા ઉંદરને રડતો જોઈ સિંહને તેની દયા આવી. તેણે ઉંદરને જવા દીધો.

થોડાક દિવસો પછી સિંહને પકડવા શિકારીઓ જંગલમાં ઘૂસી ગયા. તેણે સિંહને પકડવા જાળ પાથરી. પછી જાળને સૂકા પાંદડાંથી ઢાંકી દીધી. સિંહ ત્યાંથી ચાલવા ગયો. પણ તે શિકારીઓએ પાથરેલી જાળમાં ફસાઈ ગયો. શિકારીઓએ તેને જાળમાં બરાબરનો બાંધીને ઝાડની ડાળીએ લટકાવી દીધો. પછી તેઓ તે સિંહને લઈ જવા માટે એક મોટું પાંજરું લેવા ગયા. સિંહે જાળમાંથી છૂટવાં ઘણાં ફાંફાં માર્યા પણ કંઈ વળ્યું નહિ! થાકીને સિંહે ગર્જના કરવા માંડી.

નાનકડા ઉંદરે સિંહની આ ગર્જનાઓ સાંભળી. તે સિંહનો અવાજ ઓળખી ગયો. તરત જ તે સિંહ પાસે દોડી આવ્યો. આવીને જૂએ તો સિંહદાદા ઝાડ ઉપર જાળમાં બંધાયેલા હતા.

ઉંદર બોલ્યો - સિંહદાદા, ધીરજ રાખજો. શિકારીઓ તમને લેવા આવે તે પહેલાં જ હું જાળ કાપી નાખીશ ને તમને બંધનમાંથી છોડાવી દઈશ! એમ કહી ઉંદર ઝાડ પર સડસડાટ ચડી ગયો. પોતાના તીણા દાંતથી જાળ કાપવા માંડી. કટ કટ...જોતજોતામાં તીણા દાંત વડે આખી જાળ કોતરી કાઢી.

જાળ કપાતાં સિંહ ભફાંગ અવાજ સાથે જમીન પર પડયો. છુટકારાનો દમ લેતાં તે બોલ્યો - મિત્ર, તારો ખૂબ આભાર. મેં મારી ખોટી મોટાઈમાં ફુલાઈને તને નાનો માની તારી પરવા કરી ન હતી પણ હવે મને તેનો પસ્તાવો થાય છે.

સિંહની વાત સાંભળી ઉંદરને સંતોષ થયો કે ભલે પોતે નાનો રહ્યો પણ પોતાના પર થયેલા ઉપકારનો બદલો તે બરાબર વાળી શક્યો હતો.

## જન્મ દિવસની શુભેચ્છા

સોહમ્૨૪ સાપ્તાહિકમાં આપના બાળકના જન્મ દિવસની તસવીર નિ:શુલ્ક છાપી આપીશુ...
બાળકની તસવીર તેમના જન્મના પ્રમાણપત્ર સાથે જરૂરી છે
૧૦ દિવસ પહેલા સંપૂર્ણ વિગતો આપવાની રહેશે
બાળકની ઉંમર ૧૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ...

**સોહમ્૨૪ સાપ્તાહિક**
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.

## સોહમ્૨૪ પરિવાર દ્વારા જન્મ દિવસની શુભેચ્છા




નામ : મંડલી વ્રજ — પિતા : અલ્પેશભાઈ
માતા : હિરલબેન — સ્થળ : સુરેન્દ્રનગર

આપના બાળકના જન્મ દિવસ શુભેચ્છા માટે સોહમ્ ૨૪ સાપ્તાહિક દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે. આપના બાળકનું નામ, માતા-પિતાનું નામ અને જન્મ સ્થળની વિગતો સાથે બાળકના ફોટા નીચેના નંબર પર મોકલો
**75750 20982**

## મજા જિંદગી છે

મજા જિંદગી છે હસો ને હસાવો,
પ્રણયગાનના સૂર ઉરથી વહાવો.
વહી જાય તો કાળ પાછો ન આવે,
લઈ લો ને જીવન તણો સર્વ લ્હાવો.
અનીતિ ને નીતિ છે જૂઠું બધુંયે,
બધાં બંધનો એહ દૂરે ફગાવો.
જુઓ આસપાસે ચમનમાંહીં ફૂલો,
ખીલ્યાં એવી ખૂશબોને અંતર જગાવો.
ભરી છે મજા કેવી કુદરત મહીં જો,
જિગર-બીન એવું તમેયે બજાવો.
ભૂલી જાઓ દુ:ખો ને દર્દો બધાંયે,
અને પ્રેમ-મસ્તીને અંતર જગાવો.
ડરો ના, ઓ દોસ્તો! જરા મોતથીયે,
અરે મોતને પણ હસીને હસાવો.

— ભાનુશંકર વ્યાસ

## ચીંદરડૂ

દુ:ખના ગાભામાંથી શોધ્યુ સુખનુ ચીંદરડૂ
હતૂ નાનકુ લીરુ પણ મહેક્તુ હતુ ચીંદરડુ
ક્યારેક હતુ એ જાહોજહાલીમાં ઉછરેલુ
હતા સારાવાના ત્યારે પુજાતુ'તુ ચીંદરડુ
સુખદુખથી દુર જોજનો સુધી ફેંકાયેલુ
તાણાવાણામાં ગુંથાઈ ભટ્કેલુ'તુ ચીદરડુ
ગમોના વાયરાઓ થકી હતુ ફંટાયેલુ
રાખીને મલાજો જગતનો બેઠુ'તુ ચીંદરડુ
નાની જીંદગીમા અનેક હાથોમા ફરેલુ
ક્યાક્યા કેવા હાથોમાંચુંથાયેલુ'તુ ચીદરડુ
ધુંરધરોના મનના મેલોથી અભડાયેલુ
ક્યાંક હશે કોઈને શરમ માનતુ'તુ ચીંદરડુ
હશે હવે આવુ જ નસીબમાં મંડાયેલુ
તકદીરની રમતને સ્વીકારતુ'તુ ચીંદરડુ
એના ક્ષ્વાસોની કીંમતની રાહે બેઠેલુ
દેશે કોઇ હિંમત ચાહ લઇ બેઠુ'તુ ચીંદરડુ

- હેમલ દવે

# સુરેન્દ્રનગરમાં જીપીસીબીની કામગીરી સામે સવાલ : પ્રદૂષણ વધ્યુ




સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર શહેરમાં ઠંડીની શરૂઆતમાં જ એર કવોલિટી ઈન્ડેકસ (આઈકયુઆઈ) ૧૦૦ ને પાર કરી જતા જિલ્લામાં પ્રદૂષણનું પ્રમાણ વધ્યુ છે.

શહેરની આસપાસ આવેલા એકમોમાંથી નીકળતા ધુમાડા તેમજ રસ્તાઓ પરની ધૂળના કારણે લોકોને શિયાળાની સિઝનમાં આરોગ્ય ઉપર પણ અસર ઉભી કરી છે. ખાસ કરીને ઉધરસ, ગળુ દુ:ખવાની ફરિયાદ લોક મુખે સાંભળવા મળે છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં દિવસે ને દિવસે પ્રદૂષણનું પ્રમાણ વધતુ જોવા મળી રહ્યુ છે. ત્યારે શિયાળાની સિઝનમાં લોકોમાં સવિશેષ આરોગ્ય સબંધી ફરિયાદો રહેતી હોય છે. ત્યારે જીપીસીબીની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. જિલ્લામાં વધતા વાહનોની સંખ્યાથી ફેલાતુ પ્રદૂષણ અને પર્યાવરને હાની પહોંચાડતા ઔદ્યોગિક એકમો સામે પગલાં કયારે લેવાશે તેવા સવાલો પણ ચર્ચાનો વિષય બન્યા છે.

## લખતરમાં જાગૃતિ લાવવા સાયકલ રેલી યોજાઈ




તસવીર : હાર્દિકસિંહ ઝાલા

લખતર :

ઓમ શાંતિ વિદ્યાલય સંચાલિત બ્રીલિયન સ્કૂલ દ્વારા યુવા ગ્રીન ફાઉન્ડેશન અંતર્ગત શાળાના સંચાલક સી.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૩.૧૧.૨૦૨૪ ના રોજ સાયકલ રેલીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈન્ચાર્જ તરીકે મીતરાજસિંહ ઝાલા સાથે શાળાના સ્ટાફ તથા શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણ બચાવો, પાણી બચાવો અને અન્ન બચાવો સાથે પક્ષી બચાવો ન હતો. ગામ લોકોને જાગૃત કરવા માટે રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

## ધ્રાંગધ્રાના નિવૃત પ્રાધ્યાપિકાએ સમાજ વિકાસ માટે રૂ.૩ કરોડનું દાન કર્યુ



ધ્રાંગધ્રા :

ધ્રાંગધ્રાની એસ.એસ.પી. જૈન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ૩૬ વર્ષ સુધી પ્રોફેસર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા કુ.નિવેદિતાબેન ખોડીદાસભાઈ ત્રિવેદીએ આદર્શ શિક્ષક તરીકેની પ્રતિભા ઉજાગર થવા પામી છે. તેઓએ તેમની નોકરી દરમિયાન મેળેલો પગાર સહિતની રોકડ રકમ, મકાન, પ્લોટ સહિતની મિલ્કત મળી જે અંદાજે રૂ.૩ કરોડ સમાજને અર્પણ કર્યા છે. જેમાં શિક્ષણ, તબીબી ક્ષેત્ર, હોસ્પીટલ, ભોજનાલય, પાંજરાપોળ, કેળવણી મંડળો, આર્ય સમાજ વગેરે સંસ્થાઓને સેવાકીય પ્રવૃત્તિઓ માટે આ રકમ આપી સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું હતું.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં વર્ષ ૧૯૬૧માં અર્થશાસ્ત્ર વિષયમાં સ્નાતકની પદવી મેળવી નિવેદિતાબેન ત્રિવેદીએ ૧૯૬૩માં અર્થશાસ્ત્રમાં અનુસ્તાનકની પદવી મેળવી હતી. અનુસ્તાનકની પદવી મેળવી નિવેદિતાબેન ૮-૬-૧૯૬૪માં ધ્રાંગધ્રાની એસ.એસ.પી.જૈન કોલેજમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાયા હતા. ૩૬ વર્ષ સુધી હજારો વિદ્યાર્થીઓમાં દેશદાઝ અને વીરતાનું સિંચન કરી ૨૨-૧૧-૨૦૦૦માં રિટાયર્ડ થયા હતા. શિક્ષણ ક્ષેત્ર ઉપરાંત જાહેર જીવનમાં પણ નિવેદિતાબેન ધ્રાંગધ્રા નગરપાલિકામાં પ્રથમ મહિલા પ્રમુખ તરીકે ૧૧-૧-૧૯૯૮થી ૧૦-૧-૧૯૯૯ સુધી સંચાલન કર્યુ હતું. નિવેદિતાબેને જીવનની સંધ્યાએ પોતાની ત્રણ કરોડની તમામ મિલકત શહેરની વિવિધ શૈક્ષણિક, તબીબી, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓને પ્રસાદરુપે અર્પણ કરી સમાજને નવો રાહ આપ્યો છે. નિવૃત્ત પ્રોફેસરની આ સેવા બદલ ધ્રાંગધ્રા નગરપાલિકા, એજ્યુકેશન ટ્રસ્ટો, સામાજીક સંસ્થાઓ, આગેવાનો, મહાનુભાવો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહિતનાઓ દ્વારા ઔદિચ્ય બ્રાહ્મણ ભોજનશાળા ખાતે તેઓનો સન્માન સમારોહ યોજ્યો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાધ્યાપિકાની સેવાને બિરદાવી હતી.

## નવી જંત્રી સામે નારાજગી

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકા વિસ્તારમાં નવી જંત્રીનો ભાવ વધારા સામે નારાજગી જોવા મળી રહી છે. વર્ષ ૨૦૨૨ માં સરકારે જંત્રી ડબલ કરી હતી. હાલ નવી જંત્રીના ભાવ વધારાની વાત સામે આવતા લોકોએ પહેલા સર્વે કરાવવાની માંગ કરી રહ્યા છે.

આ ભાવમાં અનેક વિસ્તારમાં દોઢ થી અઢી ગણા ભાવ થઈ જાય છે. તેમજ કેટલીક જગ્યાએ તો ખુલ્લા પ્લોટ, ઔદ્યોગિક એકમ, ફલેટ અને વાણિજય સાથે ખેતીની જમીનનો બજાર ભાવ હોય તેના કરતા જંત્રીની કિંમત વધી જતી હોવાનો ગણગણાટ સાંભળવા મળ્યો છે.

## ઠંડીનું પ્રમાણ વધ્યુ

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લામાં નવેમ્બર મહિનાના અંતિમ દિવસોમાં ઠંડીનો પારો એકાએક વધ્યો છે. ઠંડીના ચમત્કારાથી લોકો ઠંડી સામે રક્ષણ મેળવવા પોષક વર્ધક ખોરાક સાથે આરોગ્યને ધ્યાને રાખી કસરતો કરતા નજરે પડી રહ્યા છે.

જિલ્લામાં લોકો રાત્રીના સમયે ઠંડીનો સવિશેષ અહેસાસ કરી રહ્યા છે. શુષ્ક પવનોના વાયરા સાથે ઠંડીની શરૂઆત થવા પામી છે. જિલ્લામાં હાલ તાપમાન લઘુતમ ૧૬ અને મહત્તમ ૩૨.૮ જેટલુ નોંધાયુ છે. ત્યારે આગામી દિવસોમાં ઠંડીનો પારો હજુ ગગડે તેવા અણસાર જોવા મળી રહ્યા છે.

## રોટરી કલબ ઓફ વઢવાણ સિટી દ્વારા RCC ખોડુ કલબની સ્થાપના થઈ



સુરેન્દ્રનગર :

રોટરી કલબ ઓફ વઢવાણ સીટી દ્વારા ગત તા.૨૧ નવે.ના રોજ ખોડુ મુકામે આ વર્ષ ની પહેલી RCC કલબ ખોડુની સ્થાપના કરવામા આવી હતી. કલબમાં પ્રેસિડેન્ટ તરીકે મહેશભાઈ પટેલ તથા સેક્રેટરી તરીકે રવિભાઈ પટેલની વરણી કરવામાં આવી. ત્યારે આ પ્રસંગે RCC ના પ્રેસિડેન્ટ એ સમાજ ઉપયોગી કાર્યો કરવાની વાત કરી હતી.

આ શપથ વિધી સાથે ખોડુ કન્યા પ્રાથમિક શાળામાં ડેન્ટલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન રોટરી કલબ ઓફ વઢવાણ સિટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ.પ્રતિક શાહ, ડૉ.પ્રિયંકા શાહ તથા ડૉ.ઋતુ પ્રજાપતિએ ડોક્ટર તરીકે સેવા આપી હતી. તેમાં ધોરણ ૭ અને ૮ ના કુલ ૮૦ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી અને દાંતની યોગ્ય સફાઈ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ દરેક બાળકોને ડેન્ટલ કીટ પણ આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રોટરી કલબ ઓફ વઢવાણ સીટી ના દરેક કલબ મેમ્બર્સએ જહેમત ઉઠાવી હતી.

આપના ધંધા વ્યવસાયની
જાહેરાતનું સચોટ માધ્યમ



આપના બજેટમાં જ આપના ધંધાનો વિકાસ...
તો પછી રાહ કોની જુઓ છો..
આજે આપની જાહેરાત બુક કરાવો
અને મેળવો આકર્ષક લાભ...

75750 20982

સોહમ્ ૨૪ સાપ્તાહિક
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુનાથ દેરાસર ચોક,
રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.

Email : soham24info@gmail.com
www.soham24.com

# બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાનું આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું

## જરૂરી સાધનિક કાગળો સાથે ૨૦ ડિસેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

સુરેન્દ્રનગર :

બાગાયતદાર ખેડૂતો માટે વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ બાગાયત ખાતાની ચાલુ તથા નવી વિવિધ સહાયલક્ષી યોજનાઓ મંજુર થયા બાદ સુરેન્દ્રનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતો આઈ-ખેડૂત વેબ પોર્ટલમાં ઓનલાઈન અરજી કરી વિવિધ યોજનાઓના લાભ મેળવી શકે તે હેતુસર ''આઈ-ખેડૂત'' વેબ પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

આથી બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે વર્ષ: ૨૦૨૪-૨૫માં ક્રોપ કવરના ઉપયોગથી ફળપાકો અને શાકભાજી પાકોની રક્ષિત ખેતી માટેના કાર્યક્રમ અન્વયે (૧) ક્રોપ કવર (શાકભાજી પાકો માટે) (૨) ક્રોપ કવર (કેળ/પપૈયા પાક માટે) (૩) દાડમ ક્રોપ કવર/ખારેક બંચ કવર (૪) ફ્રુટ કવર આંબા, દાડમ, જામફળ, સીતાફળ, કમલમ(ડ્રેગનફ્રુટ) ઘટક માટે તેમજ ચાલુ બાબતના (૧) દરિયાઈ માર્ગે ફળ, શાકભાજી, ફૂલ તથા છોડના નિકાસ માટે વાહતુક ખર્ચ (૨) હવાઈ માર્ગે બાગાયત પેદાશની નિકાસ માટેના નૂરમાં સહાય (૩) નિકાસકારોને બાગાયતી પાકોની ઈરેડીએશન પ્રક્રિયા માટે સહાય જેવા વિવિધ ઘટકોમાં સરકારની સહાય યોજનાનો લાભ લેવા માટે ઓનલાઈન અરજી કરવા માટે ''આઈ – ખેડૂત'' વેબ પોર્ટલ www.ikhedut.gujarat.gov.in તા. ૨૦/૧૨/૨૦૨૪ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

આ ઘટકો હેઠળ સરકારશ્રીની સહાયનો લાભ લેવા ઈચ્છુક ખેડૂતોએ સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરી ત્યારબાદ તેની પ્રિન્ટ આઉટ કાઢી નિયત જગ્યાએ ખેડુતે સહી/અંગુઠાનું નિશાન કરી જરૂરી સાધનિક કાગળો જેવા કે, ૭- ૧૨, ૮-અ ના અદ્યતન ઉતારા, "જીઝ કોડવાળી રાષ્ટ્રીયકૃત બેંક પાસબુકની નકલ, કેન્સલ ચેક, આધારકાર્ડની નકલ, અનુસુચિત જાતિ/ અનુસુચિત જન જાતિના ખેડૂત હોય તો જાતિ અંગેનું પ્રમાણપત્રની નકલ અરજીની પ્રિન્ટ આઉટ નકલ સાથે બિડાણ કરી નિયત સમયમાં કચેરીના કામકાજના દિવસે નાયબ બાગાયત નિયામકની કચેરી, ૨૦૭-૦૮, બ્લોક-સી. બહુમાળી ભવન, ખેરાળી રોડ, સુરેન્દ્રનગર ખાતે સમયમર્યાદામાં જમા કરાવવા નાયબ બાગાયત નિયામકશ્રી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવાયું છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક
સત્યમેવ જયતે Soham24
નવા વિચારોનું નવું માધ્યમ દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સુરેન્દ્રનગરનુ લોકલ અખબાર સોહમ 24 સાપ્તાહિક
ક્યુ .આર સ્કેન કરો પી.ડી.એફ ડાઉનલોડ કરો
સોહમ્ 24 ન્યૂઝ ઈ-પેપર
પી.ડી.એફ (PDF) ડાઉનલોડ કરો ફક્ત એક જ ક્લિકમાં
સોહમ્ 24 મા સાપ્તાહિક જાહેરાત માટે નો કોન્ટેક નંબર 75750 20982
90333 00345 વોટ્સએપ પર
સોહમ 24 સાપ્તાહિક સમાચાર વાંચવા માટે આપેલ નંબર પર અત્યારે જ "Hi" લખી મેસેજ કરો
સોહમ્ 24 ન્યુઝની વધુ માહિતી માટે અમારી વેબસાઈટ પર વિઝીટ કરો
WWW.SOHAM24.COM

# સુરેન્દ્રનગર શહેરમાં ટ્રાફીક સમસ્યા વાહન ચાલકો માટે શીર દર્દ બની



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર શહેરમાં વધતા જતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફીક જામની સમસ્યાથી વાહન ચાલકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. સુરેન્દ્રનગર શહેરમાં અનેક જગ્યાઓ ઉપર પાર્કીંગનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. જેથી વાહન ચાલકો પોતાના વાહનો આડેધડ પાર્ક કરી જતા રહેતા અન્ય વાહન ચાલકોને ટ્રાફીક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યાની ફરિયાદ સાંભળવા મળે છે.

સુરેન્દ્રનગર શહેરના દેરાસર ચોકના મુખ્ય રસ્તા ઉપર અવાર નવાર ટ્રાફીક સમસ્યાનો સામનો વાહન ચાલકો કરી રહ્યા છે. આ રસ્તા ઉપરથી ભારે માલ વાહક વાહનો પસાર થતાં હોવાથી ટ્રાફીકની સમસ્યા વાહન ચાલકો માટે શીર દર્દ બની ગઈ છે. આ ચોક શહેરના નવા જંકશન, દૂધરેજ રોડ, ૮૦ ફૂટ રોડ અને શહેરની મુખ્ય બજારને જોડતો મુખ્ય રોડ હોવાથી ભારે માત્રામાં વાહન ચાલકો આ રસ્તા ઉપરથી પસાર થઈને પોતાના રોજીંદા કામ અર્થે જતા હોય છે. પરંતુ કેટલીક વખત ટ્રાફીકમાં ફસાઈ જવાની સ્થિતીમાં તેઓ સમયસર ન પહોંચી જતા આર્થીક નુકશાન પણ જઈ રહ્યાની ફરિયાદ સાંભળવા મળી છે. આથી સુરેન્દ્રનગર શહેરમાં ટ્રાફીક સમસ્યાના નિવારણ માટે જરૂર પગલાં લેવામાં આવે તેવી માંગ વાહન ચાલકો કરી રહ્યા છે.

### "મહિલા સ્વાવલંબન યોજના"

# મહિલાઓને સ્વરોજગાર માટે મળશે બે લાખ સુધીની લોન

## બ્યુટી પાર્લર, દરજીકામ, અગરબત્તી, મસાલા, ભરતગૂંથણ સહીત જુદી-જુદી ૩૦૭ વ્યવસાયોની કેટેગરી મુજબ લોન માટે અરજી કરી શકાશે

સુરેન્દ્રનગરઃ

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ''મહિલા સ્વાવલંબન યોજના'' અમલીકૃત છે. જેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને તેમના પરિવારોની સુખાકારીમાં યોગદાન આપી શકે તે માટે જરૂરીયાતમંદ મહિલાઓને તેમના કૌશલ્યના આધારે સ્વરોજગારી મળી રહે તે માટે બેંક લોન થકી સહાય આપવાનો છે.

આ યોજના અંતર્ગત બ્યુટી પાર્લર, દરજીકામ, અગરબત્તી, તમામ પ્રકારના મસાલા, ભરતગૂંથણ, મોતીકામ, દૂધની બનાવટ સહીત ૩૦૭ જેટલા વ્યવસાયો માટે રૂ.બે લાખ સુધીની લોનની જોગવાઈ કરવામાં આવી છે.

આ યોજનાનો લાભ ૧૮ થી ૬૫ વર્ષ સુધીની વયની રાજ્યની કોઈપણ મહિલાને મળી શકે છે. સબસિડીનું ધોરણ કેટેગરી મુજબ ઓછામાં ઓછું પ્રોજેક્ટ કોસ્ટના ૩૦% અથવા મહત્તમ રૂ.૬૦,૦૦૦/- બંને માંથી જે ઓછું હોય તે અને વધુમાં વધુ પ્રોજેક્ટ કોસ્ટના ૪૦% અથવા મહત્તમ રૂ.૮૦,૦૦૦/- બંને માંથી જે ઓછું હોય તે મુજબ આપવામાં આવે છે.

આ યોજના અંતર્ગત નિયત નમૂનાના અરજી ફોર્મ સાથે બે નકલમાં ડોક્યુમેન્ટ જોડી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રૂમ નં-૧૦૧, બ્લોક-એ, પહેલો માળ, બહુમાળી ભવન, ખેરાળી રોડ, સુરેન્દ્રનગર ખાતે મોકલવા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# "ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ" યોજાશે

સુરેન્દ્રનગર :

આગામી તા.૦૨-૧૨-૨૦૨૪ થી ૦૬-૧૨-૨૦૨૪ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં ''ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ''નું આયોજન થનાર છે.

જેમાં બાળકોમાં ચિત્રકલાની રૂચી વિકસે અને તેમને ચિત્રકલાના વિવિધ માધ્યમોની જાણકારી મળે તે હેતુથી વિષય તજજ્ઞ દ્વારા બાળકોને માહિતગાર કરવામાં આવશે. આ વર્કશોપનું આયોજન ૬ થી ૧૪ વર્ષના વિદ્યાર્થીઓ માટે જ કરવામાં આવ્યું છે.

આ વર્કશોપમાં જોડાવા માટે ઈચ્છુક સુરેન્દ્રનગર જિલ્લાના સ્થાનિક બાળકોના વાલીઓએ નિયત નમુનાનું ફોર્મ ભરી તેમાં નીચે શાળાના સહી સિક્કા કરાવી સાથે બાળકનું આધારકાર્ડ તથા જન્મ તારીખના પુરાવાની ઝેરોક્ષ જોડી તા ૩૦-૧૧-૨૦૨૪ સાંજે ૦૫.૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, એ-૫, ગ્રાઉન્ડ ફ્લોર, બહુમાળી ભવન, ખેરાળી રોડ, પોસ્ટ- રતનપર, સુરેન્દ્રનગરની કચેરી ખાતે મોકલી આપવા એક યાદીમાં જણાવાયું છે.

OWNER, PRINTER & PUBLISHER, EDITOR : ROHITBHAI GHANSHYAMBHAI PARMAR, PRINTED AT ASHVJIT GRAPICM.J. GANDHI ROAD, SURENDRANAGAR, PUBLISHED FROM:Coz-way Road, Opp.Babu Nivash Wishvkarma Gas,Joravarnagar,tal.Wadhwan,Dist.SURENDRANAGAR (Gujarat)